FRIDAY
૧૨-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા સુદ ૦૧
અંક : ૧૦૯
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### લાંબા સમયથી જ ચીન સાથે ચાલ્યા આવતા પેંગોંગ લેક સરહદી વિવાદનો વાતચીતથી ઉકેલ આવ્યો

## ચીન સાથે આખરે સમજૂતી : સરહદેથી સૈનિકો પાછા ખેંચશે

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૧

રક્ષામંત્રી રાજનાથ સિંહ રાજ્યસભામાં 'પૂર્વ લદ્દાખમાં વર્તમાન સ્થિતિ' પર રાજ્યસભામાં નિવેદન આપ્યું. તેમણે માહિતી આપી કે ભારત અને ચીનની વચ્ચે ડિસએન્ગેજમેન્ટ પર સહમતિ બની ગઈ છે. પેંગોંગ લેકના ઉત્તર અને દક્ષિણ તટ પર બંને સર્વિસીસ ફોરવર્ડ સૈનિકોને પાછળ કરશે. ચીન જ્યાં ઉત્તરી તટ પર ફિંગર ૮ના પૂર્વમાં જશે ત્યાં ભારતીય ફિંગર ૩ની પાસે સ્થિત મેજર ધાન સિંહ થાપા પોસ્ટ (પરમેનન્ટ બેઝ) પર રહેશે. સિંહે કહ્યું કે પેંગોંગ ઝીલમાં ડિસએન્ગેજમેન્ટ પૂરું થયા બાદ બંને સેનાઓની વચ્ચે ફરીથી વાત થશે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે સંસદમાં એલાન કર્યું કે ભારત-ચીને બંને એ નક્કી કર્યું છે કે એપ્રિલ ૨૦૨૦થી પહેલાંની જ સ્થિતિને લાગૂ કરાશે. જે બાંધકામ અત્યાર સુધી કરાયું તેને હટાવી દેવાશે. જે જવાનો શહીદ થયા તેમને દેશ હંમેશા સલામ કરશે. આ ગૃહ દેશની સંપ્રભુતાના મુદ્દા પર એક સાથે ઉભું છે.

રાજ્યસભામાં રાજનાથે માહિતી આપી કે પેંગોંગ ઝીલના ઉત્તર અને દક્ષિણ તટ પર ડિસએન્ગેજમેન્ટની સમજૂતી થઈ ગઈ છે. ચીન એ વાત પર પણ સહમત થયું છે કે પૂર્ણ ડિસએન્ગેજમેન્ટના ૪૮ કલાકની અંદર સિનિયર કમાન્ડર લેવલની વાતચીત



થાય અને આગળની કાર્યવાહી પર ચર્ચા થાય. સિંહે કહ્યું કે પેંગોંગ ઝીલને લઈ થયેલ સમજૂતી પ્રમાણે ચીન પોતાની સેનાને ફિંગર ૮થી પૂર્વની તરફ રાખશે. આ જ રીતે ભારત પણ પોતાની સેનાની ટુકડીઓને ફિંગર૩ની પાસે પોતાના પરમેનન્ટ બેઝ પર રાખશે.

રાજનાથ સિંહે કહ્યું કે આપણું સૈન્ય ત્યાં હાજર છે, જેમાં વ્યૂહાત્મક મહત્વના ઘણા ક્ષેત્રોને ચિહ્નિત કર્યા છે.'' સિંહે કહ્યું કે પૂર્વી લદ્દાખમાં ચીન ઉપર ભારતની એક 'ધાર' છે.



રક્ષામંત્રીએ કહ્યું કે મિલિટ્રી અને ડિપ્લોમેટિક લેવલ પર અમારી વાતચીત થઈ છે. અમે ત્રણ સિદ્ધાંતો પર જોર આપ્યું છે.

રક્ષા મંત્રીએ કહ્યું કે અમારું લક્ષ્ય છે કે ન્છઝ પર ડિસએન્ગેજમેન્ટ અને યથાસ્થિતિ બની જાય. રાજનાથસિંહે કહ્યું કે ચીનના ૩૮૦૦૦ ભારતીય ભૂભાગ પર અનધિકૃત કબજો છે. તેમણે કહ્યું કે ભારતે ચીનને હંમેશા કહ્યું છે કે દ્વિપક્ષીય સંબંધ બંને તરફથી કોશિષ કરવા પર જ વિકસિત થઈ શકે છે, સાથો સાથ સરહદ વિવાદ પણ આવી જ રીતે ઉકેલી શકાય છે. સિંહે કહ્યું કે સરહદ પર ચીને જે પગલુંભર્યું છે તેનાથી ભારત-ચીનના સંબંધો પર પણ અસર પડી છે.

રક્ષામંત્રીએ વધુમાં કહ્યું, ચીને ૧૯૬૨માં લદાખની અંદર ૩૮ હજાર ચો. કિમી વિસ્તાર પર અનધિકૃત રીતે કબજો કરી રાખ્યો છે. આ સિવાય પાકિસ્તાને ૫,૧૮૦ ચો. કિમી જમીન ગેરકાયદે રીતે ચીનને આપી દીધી. આ રીતે ચીનનો ભારતની લગભગ ૪૩ હજાર ચો. કિમી જમીન પર કબજો છે. તો આ તરફ ચીન અરુણાચલ પ્રદેશની પણ ૯ હજાર ચો. કિમી જમીન પોતાનો ગણાવે છે. ભારતે આ ખોટા દાવાઓને સ્વીકાર કર્યા નથી.

રક્ષામંત્રીના રાજ્યસભામાં નિવેદન આપ્યાના એક દિવસ પહેલાં એટલે કે બુધવારે ચીની સરકારે દાવો કર્યો કે લદાખમાં ન્છઝ પર ભારત સાથે નવ મહિનાથી ચાલી રહેલી અથડામણ સમાપ્ત થઈ ગઈ છે. ચીનના જણાવ્યા પ્રમાણે, બુધવારે બન્ને તરફથી ફ્રન્ટલાઈન પર તહેનાત સૈનિકોની એકસાથે વાપસી શરૂ થઈ. આ પહેલાં ચીની મીડિયાએ પણ દાવો ક્યો હતો કે પેંગોંગ લેકના દક્ષિણ અને ઉત્તર વિસ્તારથી ભારત-ચીનની સેનાએ ડિસએન્ગેનમેન્ટની પ્રોસેસ શરૂ કરી દીધી છે.

## ખેડૂતો આક્રમક : સંયુક્ત કિસાન મોરચા દ્વારા ૧૮મીએ દેશભરમાં ટ્રેન રોકો આંદોલનની ચીમકી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૧

સંસદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તરફથી ખેડૂતોને આંદોલન ખતમ કરવાની અપીલથી વિપરીત ખેડૂતોએ પોતાના આંદોલનનો વિસ્તાર વધારવાની યોજના બનાવી છે. ખેડૂતોના સંગઠન સંયુક્ત કિસાન મોરચા એ આજે બુધવારે જાહેરાત કરી હતી કે, ૧૮ ફેબ્રુઆરીએ દેશભરમાં ૪ કલાક માટે ટ્રેન રોકો અભિયાન ચલાવવાની જાહેરાત કરી છે.



ખેડૂતોના સંગઠન સંયુક્ત કિસાન મોર્ચાના નેતા ડૉક્ટર દર્શન પાલ તરફથી કહેવામાં આવ્યું હતું કે, આગામી એક સપ્તાહના કાર્યક્રમની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. મોર્ચાએ જણાવ્યું હતું કે, સંયુક્ત કિસાન મોર્ચાની આજની બેઠકમાં આંદોલનને વધારે વેગીલુ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે આગામી દિવસો આંદોલન કેવી રીતે ચાલશે તેની યોજનાનો ખુલાસો પણ કરવામાં આવ્યો છે. રાજધાની દિલ્હી સહિત દેશના કેટલાક ભાગમાં છેલ્લા ૭૦થી વધારે દિવસોથી ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે. હવે સંયુક્ત કિસાન મોરચાએ ૧૮મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રવ્યાપી રેલ રોકો આંદોલનની જાહેરાત કરી છે. ૧૮મી ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી દેશમાં રેલ રોકો આંદોલન ચલાવવામાં આવશે. ૧૪મી માર્ચે ખેડૂતો પુલવામા હુમલાની વર્ષગાઠ નિમીતે કેન્ડલ માર્ચનું આયોજન કરશે.

## સરકાર પેટ્રોલ ભાવ વધારા મામલે કંઈ ન કરી શકે, ઓઈલ કંપનીઓને ભાવ નક્કી કરવાની સત્તા : પેટ્રોલીયમ મંત્રી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૧

ભાજપ નેતૃત્વ હેઠળની મોદી સરકાર પેટ્રોલના ભાવ વધારાની સદી ફટકારવાની ફિરાકમાં છે. તેથી ગુરુવારે પણ પેટ્રોલ અને ડીઝલમાં ૩૦ અને ૨૫ પૈસાનો વધારો ઝીંકી દીધો. વળી નફફટાઈ પૂર્વક કહી પણ દીધું કે અમે આમા કંઈ કરી શકીએ નહીં. આ તો ઓઈલ કંપનીઓના હાથમાં છે. બીજા પણ ટેક્સ વધારે છે. અમે પણ વધાર્યા.

કહેવત છે કે ટીપે ટીપે સરોવર ભરાય. જેને સાર્થક કરતા કેન્દ્ર-રાજ્ય સરકારો અને ઓઈલ કંપનીઓ પોતાના ખિસ્સા ભરી રહી છે. પેટ્રોલિયમ પેદાશોમાં દૈનિક નક્કી કરતા ભાવને કારણે માત્ર એક વર્ષમાં જ પેટ્રોલમાં ૧૮ રૂપિયાનો જંગી વધારો નાગરિકો પર ઠોકી બેસાડાયો છે. ભોળી પ્રજાને તેની ખબર પણ પડી નથી.

બજેટ પછી પેટ્રોલિયમ પેદાશોમાં ત્રીજી ફેબ્રુઆરીએ ૮ પૈસાનો ભાવ વધારો કરાયો. ત્યાર બાદ ચોથીએ પોછો ૮ પૈસાનો ઘટાડો થયો. ત્યાર બાદ બે દિવસ ભાવો સ્થિર રહ્યા. પણ પછી ૮ ફેબ્રુઆરીથી સતત ભાવ વધારો થઈ રહ્યો છે. આજે ચોથો ભાવ વધારાનો ચોથો દિવસ છે. છેલ્લા ૧૦ દિવસમાં પેટ્રોલમાં ૧.૪૨ રૂપિયા અને ડીઝલમાં ૧.૫૭ રૂપિયાનો વધારો કર્યો. તેમાં છેલ્લા ૫ દિવસમાં ૧.૩૧ રૂપિયાનો પેટ્રોલમાં વધારો કર્યો.

નોંધનીય છે કે છેલ્લા બે મહિનાથી પેટ્રોલ-ડીઝલના ભાવોમાં અવાર નવાર વધારો થઈ રહ્યો છે. છેલ્લા એક વર્ષની વાત કરીએ તો પેટ્રોલના ભાવોમાં ૧૮ રૂપિયામાં વધારો થઈ ગયો. પરંતુ લોકલ બોડીના ટેક્સ વિનાના કંપનીઓ દ્વારા દૈનિકની દૃષ્ટિએ કરાતા કહેવાતા મામૂલી પૈસાના વધારાની સામાન્ય જનતાને ખબર પડી નથી. એટલે કે ટીપે ટીપે સરોવર ભરાયની કહેવત મુજબ સરકાર અને ઓઈવ કંપનીઓ પોતાના ખિસ્સા ભરી રહી છે.ઉલ્ટાનું કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને તો સંસદમાં ચોખ્ખુ પરખાવી દીધું કે કેન્દ્ર સરકાર આ મામલે કંઈ કરી શકતી નથી. ઓઈલ કંપનીઓના હાથમાં ભાવો નક્કી કરવાની સત્તા છે.




## ગલવાન ઘાટીમાં ચીનના ૪૫ સૈનિકોના મોત થયા હોવાનો રશિયન એજન્સીનો ઘટસ્ફોટ

(જી.એન.એસ)મૉસ્કો,તા.૧૧

પૂર્વી લદ્દાખમાં ગલવાન ખીણમાં ૧૫ જૂને થયેલા લોહિયાળ સંઘર્ષમાં કેટલા ચીની સૈનિકો માર્યા ગયા હતાં તેને લઈને રશિયાની સમાચાર એજન્સી તાસે સનસની ખુલાસો કર્યો છે. તાસે જણાવ્યું હતું કે, આ હિંસામાં ઓછામાં ઓછા ૪૫ ચીની સૈનિકો માર્યા ગયા હતાં. આ હિંસામાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા હતાં. રશિયાની સમાચાર એજન્સીના આ દાવા બાદ અત્યાર સુધી પોતાના કેટલા સૈનિકો માર્યા ગયા મુદ્દે ભેદી મૌન સેવનારા ચીનની આબરૂના દુનિયા આખીમાં ધજાગરા થયા છે.

રશિયાની સમાચાર એજન્સીનો આ ખુલાસો પણ બરાબર એવા જ સમયે થયો છે જ્યારે બંને દેશોની સેના પેંગોગ લેક પરથી પોતાના સૈનિકોને પાછા ખસેડવા સહમત થઈ છે.

લદ્દાખમાં ન્છઝ પર ભારત અને ચીન વચ્ચે છેલ્લા ૯ મહિનાથી સામ સામે છે. બંને દેશોએ સરહદે લગભગ ૫૦-૫૦ હજાર જવાનો ખડક્યા છે. અગાઉ ચીને ભારત સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે, ગલવાન ખીણમાં થયેલા ઘર્ષણમાં તેના ૫ જવાનો માર્યા ગયા હતાં. તેમાં ચીની સેનાનો એક કમાંડિંગ ઓફિસર પર શામેલ હતો. ચીન ભલે હાલ ૫ જ સૈનિકો માર્યા ગયાની વાત કરી રહ્યું હોય પણ અમેરિકા અને ભારતની ગુપ્તચર એજન્સીઓનું અનુંમાન છે કે ચીનના ઓછામાં ઓછા ૪૦ જેટલા ચીની સેનિકો આ અથડામણમાં માર્યા ગયા હતાં.

## ઓરીસ્સા સરકાર દ્વારા ફરી કૃષિ સુધાર વટહૂકમ લાગૂ કરવાની મંજૂરી

(જી.એન.એસ)ભુવનેશ્વર,તા.૧૧

કેન્દ્રીય કૃષિ કાયદાના વિરોધમાં દેશભરમાં ચાલી રહેલ ખેડૂત વિરોધ પ્રદર્શન વચ્ચે ઓરિસ્સાની નવીન પટનાયક સરકારે મંગળવારે કૃષિ સુધાર વટહુકમને રાજ્યમાં ફરીથી લાગુ કરવાની મંજૂરી આપી દીધી. સરકારે રાજ્યભરનાં પશુધન સહિત ભૌગોલિક રીતે પ્રતિબંધ મુક્ત વેપાર અને કૃષિ ઉપજની લેવડ-દેવડને સક્ષમ કરવા માટે ઓરિસ્સા કૃષિ ઉત્પાદન બજાર સુધારા અધિનિયમમાં સુધારાના વટહુકમને ફરીથી લાગુ કરવાનો નિર્ણય કર્યો. મુખ્યમંત્રી નવીન પટનાયકની અધ્યક્ષતામાં મંગળવારે થયેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. તમને જણાવી દઈએ કે સરકારે ત્રીજી વાર કૃષિ ઉપજ અને પશુધન વિપણન(પદોન્નતિ અને સુવિધા) વટહુકમને લાગુ કરવાનુ આશ્વાસન આપ્યુ. વટહુકમ સરકારે ખાનગી બજાર યાર્ડ અને ખેડૂત ગ્રાહક બજાર યાર્ડ(કૃષક બજાર), ઉપ બજાર યાર્ડ અને માર્કેટ યાર્ડ સ્થાપિત કરવા અને સંચાલિત કરવા માટે વાતારણ બનાવવામાં મદદ કરશે. જેનો હેતુ ખેડૂતોની ઉપજના લાભ માટે પ્રતિસ્પર્ધાને વધારવાનો રહેશે. વટહુકમ કૃષિની ઉપજના વેચાણ પર ભૌગોલિક પ્રતિબંધોને હટાવવા અને ખેડૂતોને રાજ્યની અંદર ક્યાંય પણ પોતાની ઉપજ વેચવાની મંજૂરી આપે છે. આ વેપાર સંચાલનમાં પારદર્શિતા વધારવા અને ભૌગોલિક ક્ષેત્રોમાં બજારોના એકીકરણ માટે ઈ-ટ્રેડિંગને પ્રોત્સાહન આપવાની માંગ કરે છે.

## મમતા બેનર્જી બંગાલ ટાઈગર નહી બિલ્લી છે : દિલિપ ઘોષ

(જી.એન.એસ)કોલકાત્તા,તા.૧૧

પશ્ચિમ બંગાળમાં ભાજપના પ્રમુખ દિલીપ ઘોષે સીએમ મમતા બેનર્જી વિશે વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે મમતા દીદી પોતાને રોયલ બંગાળનો વાઘ માને છે, તેને તેનો પોતાનો બહાદુરો માને છે, શુ ટાઈગર પોતાને વાઘ કહીને વખાણ કરે છે, પણ મમતા બેનર્જી આમ કરી રહ્યા છે. સત્ય એ છે કે તે વાઘ નથી પરંતુ તેની હાલત બિલાડી જેવી થઈ ગઈ છે, સત્ય એ છે કે તેમની પાર્ટીના લોકો તેનાથી ડરતા નથી. તે જાણીતું છે કે પશ્ચિમ બંગાળમાં ભાજપની પરિવર્તન યાત્રા ચાલી રહી છે અને ઘોષે યાત્રા પર હુમલાની આગાહી કરી હતી.

## દેશમાં હમ દો, હમારે દોની સરકાર ચાલે છે : લોકસભામાં રાહુલ ગાંધીનો કટાક્ષ

નવી દિલ્હી,તા.૧૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી લોકસભામાં કૃષિ કાયદા મુદે સંબોધન કર્યું હતું. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે લોકસભામાં બજેટ પર ચર્ચા દરમિયાન ખેડૂતોનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ સાથે જ નામ લીધા વિના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ પર પણ કટાક્ષ કર્યો હતો. રાહુલે કહ્યું કે ચાર લોકો દેશ ચલાવી રહ્યા છે, તેમનો સૂત્ર છે - અમે બે અમારા બે. રાહુલે ખેડૂતોના મુદે મોદી પર નિશાન સાધતા કહ્યું, 'વડાપ્રધાન કહે છે કે તેમણે વિકલ્પ આપ્યા છે, પરંતુ તેમનો પહેલો વિકલ્પ ભૂખ, બીજો બેરોજગારી અને ત્રીજો આત્મહત્યા છે.



રાહુલે કૃષિ કાયદાઓ પર વધુમાં કહ્યું કે, 'પહેલા કાયદાનું કન્ટેન્ટએ છે કે કોઈ પણ વ્યક્તિ દેશમાં ગમે ત્યાં કેટલું પણ અનાજ, શાકભાજી, ફળોને ખરીદી શકે છે. જો દેશમાં ખરીદી અમર્યાદિત હશે, તો પછી માર્કેટમાં કોણ જશે? પ્રથમ કાયદાનું કન્ટેન્ટ બજારને નાબૂદ કરવાનો છે. બીજા કાયદાનું કન્ટેન્ટ તે છે કે મોટા ઉદ્યોગપતિઓ અનાજ, ફળો, શાકભાજી સ્ટોક કરી શકે છે, આ માટેની કોઈ મર્યાદા નથી. ત્રીજા કાયદાનું કન્ટેન્ટ એ છે કે ખેડૂત જ્યારે ઉદ્યોગપતિઓની સામે જઈને તેમની પેદાશ માટેના પૈસાની માંગણી કરે છે ત્યારે ખેડૂતોને કોર્ટમાં નહીં જવા દેવામાં આવે. વર્ષો પહેલાં, ફેમિલી પ્લાનિંગમાં એક સૂત્ર હતું- અમે બે અમારા બે. આજે શું થઈ રહ્યું છે, જે રીતે કોરોના બીજા સ્વરૂપમાં આવે છે, તેવી જ રીતે આ પણ એક નવા સ્વરૂપમાં આવી રહ્યું છે. હવે ૪ લોકો દેશને ચલાવી રહ્યા છે, તેમનું સૂત્ર છે અમે બે અમારા બે. ગૃહમાં કોઈએ આ ૪ લોકોના નામ જણાવવા માટે કહ્યું તો રાહુલે કહ્યું કે નામ સૌ જાણે છે.

# મીઠી ખારેકોના કારણે પરોક્ષ બદનક્ષીને કારણે સ્વતંત્ર મહિલા મોરચાની માંગ ઉઠી

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૧

રાજકીય નેતાઓ સાથે શારીરિક સંબંધો રાખીને સ્વાર્થના હેતુઓ પુરા કરવાની પ્રવૃત્તિ કરતી રાજકીય ક્ષેત્રે સક્રિય મહિલાઓને 'મીઠી ખારેક' તરીકે ઓળખવામાં આવે છે, ખારેકની ખેતી કચ્છમાં થાય છે કચ્છ જીલ્લામાં નેતાઓ સાથે શારીરિક સંબંધોની કથીત ઘટનાઓ અને નેતાઓ દ્વારા કામ કરાવવા શારીરિક લાભ લેવાની પ્રવૃત્તિઓને કારણે રાજકારણની શતરંજી દુનિયામાં 'મીઠી ખારેક' શબ્દ ચર્ચાસ્પદ બન્યો છે. મીઠી ખારેક એટલે એક પ્રકારની રાજકીય વૈશ્યા પણ ગણી શકાય છે, સરકારી કામ કરાવવા માટે લેધર કરન્સી ગણાતી સ્ત્રીઓ લાયઝનીંગ કે એસ્કોર્ટ કરતી હોવાનુ પણ ચર્ચાય છે, પુરુષો પાસેથી ધાર્યું કામ પાર પાડવા શરીર સુખ આપવાની પ્રવૃત્તિ કરતી જાહેર જીવનમાં પડેલી સ્ત્રીઓ મીઠી ખારેક તરીકે ચર્ચાસ્પદ બને છે જેના કારણે તેના પક્ષમાં કે સંગઠનમાં રહેલા સજ્જન પવિત્ર મહિલાઓ પ્રત્યે જાણીતા લોકો શંકાસ્પદ વર્તન કરતા રહે છે, પુખ્ત ઉંમરના સ્ત્રી પુરુષને કુદરતી રીતે શારીરિક સંભોગની આવશ્યકતા હોય છે, પરણિત અપરણિત લોકોને પણ શારીરિક સુખની કુદરતી જરૂરીયાત હોય છે તેના માટે સામાજીક રીતે લગ્ન વ્યવસ્થા, લીવ ઈન રીલેશન વ્યવસ્થા ઉપલબ્ધ છે, શારિરીક જરૂરિયાત સાથે સાથે દરેક વ્યક્તિની જીવન જરૂરીયાત માટે પુરતી આવક અથવા કાયમી પૈસાની જરુરીયાતો હોય છે, મધ્યમવર્ગની સ્ત્રીઓ માટે વેપારી કાર્યો, સરકારી કાર્યો, રાજકીય કાર્યોના માધ્યમથી આવક મેળવવાની અનેક પ્રવૃત્તિઓ અને વ્યવસાયો અસ્તિત્વમાં છે, મહિલા ઉદ્યોગપતિઓ, મહિલા નેતાઓ, મહિલા અધિકારીઓ, મહિલા સમાજ સેવકો હોય છે આ બધા મહિલાઓને પુરુષો સાથે કામ કરવાનું હોય છે એનો અર્થ એ નથી કે દરેક સ્ત્રી પોતાની જરૂરિયાત માટે શારીરિક સંબંધોને સ્વિકારે છે, વારંવાર સંપર્કો, નિયમિત સહચાર્ય અને કાયમી ધરોબો ધરાવતા સંબંધોમાં એકબીજાની ગરજ, મજબુરી અને સમયની અનુકૂળતા તથા બંને પાત્રોની સહમતીથી શારીરિક સંબંધોથી બંને પક્ષે વિશ્વાસ અને નીકટતા ઉભી કરવામાં આવે છે. વાસ્તવિકતા જોઈએ તો જાહેર રાજકીય જીવનમાં રહેલા લોકોને વિસ્તારના તથા બીજા અનેક લોકો ચહેરાથી ઓળખતા હોય છે બીજું આ બધાને ભાઈઓ, બહેનો, પત્ની, પતિ, યુવાન સંતાનો દિકરા દિકરીઓ પણ હોય છે બધાને સગા સંબંધીઓ પણ હોય છે એટલે કોઈપણ મહિલા કે પુરુષ નેતાઓ શારીરિક સંબંધો રાખતા નથી અથવા તો એવી જરૂરિયાત હોતી નથી, જવલ્લે એકાદ બે મહિલાઓ કે નેતાઓને બાદ કરતાં મતના રાજકારણમાં મીઠી ખારેકની પ્રવૃત્તિથીથી સફળતા મળતી નથી, રાજકારણમાં રહેલા ચરિત્રહિન પુરુષો ઉપભોગ કરીને છેવટે એવી સ્ત્રીઓને જાહેરજીવનમાંથી ફગાવી દે છે, ફાર્મ હાઉસો, હોટેલો, ઓફિસોમાં થતી રાજકીય મિટિંગો અને કાળા કાચવાળી લખઝરીયસ ગાડીઓમાં શારીરિક સંબંધોની અવારનવાર ઘટનાઓ ચર્ચામાં આવતી રહે છે એમાં મહિલાની સંમતિથી પ્રવૃત્તિ થતી હોવાનું જોવા મળે છે, બળાત્કાર કે બળજબરીની ફરીયાદ હોતી નથી, કામ કઢાવવા રીશ્વતના પૈસા ના હોય ત્યારે રાજકારણી કે અધિકારી, ઉદ્યોગપતિ, વેપારી, વગેરે દરેક ક્ષેત્રમાં સતાધીશ સાથે એકાદ બે વાર શારીરિક સુખ આપી કામ કરાવી લેવાની પ્રવૃત્તિ જુની જાણીતી પ્રવૃત્તિ છે. કચ્છના ફાર્મ હાઉસોમાં રાજકારણીઓના પક્ષની મહિલાઓ સાથેની ઘટનાઓ અને એક નેતાની હત્યા બાદ રાજકીયક્ષેત્રમાં કામ પાર પાડવા મુકતપણે શારીરીક સંબંધો રાખતી મહિલા કાર્યકર્તાઓને મીઠી ખારેક તરીકે માનપાન આપવામાં આવે છે આ પ્રવૃત્તિને કારણે સાચા સમાજ સેવકો અને પવિત્ર મહિલા નેતાઓ તથા કાર્યકર્તાઓને આડકતરી રીતે ખોટી રીતે સહન કરવુ પડે છે, થોડા વર્ષોથી ચૂંટણી સમયે રાજકીય પક્ષોની ટીકીટો માટે ચાલતા લોબીંગ દરમિયાન અનેકવાર મીઠી ખારેક કલ્ચરનો જાહેર ઉલ્લેખ કરવામાં આવી રહ્યો હોવાથી પ્રમાણિક મહિલાઓ સામે પણ લોકો શંકાસ્પદ નજરે જોઈ રહ્યા છે, અગ્નિ અને પેટ્રોલ સાથે રહે તો કયારેક એકાંત સમયે આગ લાગે અને અનુકૂળતા સાથે મુક સંમતિ હોય ત્યારે આગ લાગે અને પછી ઠરી જતી હોય છે એકબીજાને આર્થિક, રાજકીય સાથ સહકારથી જરુરત પુરી થતી હોય છે એટલે સરળ માર્ગ તરીકે ચાલાક મહિલાઓ રૂપ યૌવનનો બખુબી ઉપયોગી કરીને શોર્ટ કટ સફળતા મેળવી શકે છે એ પ્રમાણેની વાતો એક જુઠાણુ છે ફકત સંબંધોથી સહકાર અને તરફેણ મળે છે રાજકીય સફળતા મળતી નથી. કોઈપણ ક્ષેત્રમાં વધુ સમય એકના એક ગ્રુપના સમવસ્યક વિજાતીય સહકાર્યકરો સાથે પ્રચાર, મિટિંગો, પ્રવાસો, રેલીઓ, સભાઓમાં અવાનવાર સાથે રહેવા,જમવા ફરવાનું થતુ હોય છે એટલે કુદરતી રીતે સ્વાભાવિક આકર્ષણ બનવુ એ કુદરતી ક્રમ છે જેથી આજના મુકત અને સોશિયલ મીડીયાના ઈનબોકસ જમાનામાં 'મીઠી ખારેક'ની પ્રવૃત્તિ ધીમે ધીમે સફળતાથી આગળ વધતી હોય તેવું તાજેતરની ઘટનાઓથી ચર્ચાય રહ્યું છે, લાયકાત નથી, કૌશલ્ય નથી, કાયદાકીય કે પ્રશાસનિક અનુભવ કે સમજણ નથી તેવા ગેરલાયક લોકો રૂપ યૌવનનો ઉપયોગ કરીને સતાઓ તથા હોદાઓ સુધી પહોચવા નિષ્ફળ અને સફળ પ્રયત્ન કરતા રહેતા હોય છે. , આવી સ્થિતિમાં 'મીઠી ખારેક' કલ્ચરને કારણે ભદ્ર અને સુસંસ્કૃત પરીવારોના લાયક અને કૌશલ્યવાન મહિલાઓ, ઉચ્ચ શિક્ષિત મહિલાઓ લોકપ્રતિનિધિત્વ માટે રસ ધરાવતા નથી, રાજકીય પક્ષોમાં ખરેખર તો મીઠી ખારેક કે રાજકીય વૈશ્યાવૃતિ ચાલતી નથી, ચરિત્રવાન મહિલાઓ સફળ થાય છે અને ચરિત્રવાન તથા સાચા મહિલાઓને પદ અને હોદાઓ આપવામાં આવે છે, હોદા આપનારા અને ટીકીટો ફાળવણી કરવા વાળા લોકોના ઘરમાં પણ માતા બહેન દિકરીઓ પુત્ર વધુઓ હોય છે જો નેતાઓ બીજાની બહેન દિકરીઓનો ગેરલાભ લેતા હોય તો પાછળ એના ઘરમાં પણ સ્ત્રીઓ હોય એના સ્વભાવ પ્રવૃત્તિઓ પણ ચરિત્રહીન બની જાય છે

**પુરુષ આધિન મહિલા મોરચાની ગુલામીને કારણે ચરિત્રહિન પ્રવૃતિનો વિકાસ**

(અનુસંધાન પાના નં. ૬ ઉપર)

## સંતરામપુર તાલુકામાં ચૂંટણી માટે ફોર્મ ભરતા મહિસાગર જિલ્લા કોંગી પ્રમુખ



ચક્રવાત ટીમ સંતરામપુર, તા.૧૧

સંતરામપુર તાલુકા ની મહિસાગર જીલ્લા પંચાયતની ગોઠીબ બેઠક માટે કોંગ્રેસ પક્ષના ઊમેદવાર તરીકે મહિસાગર જીલ્લા કોગ્રેસ પ્રમુખ હરજીવનભાઈ પટેલે તેમના ટેકેદારો માજી ધારાસભ્ય જી.એમ.ડામોરને માજી જીલ્લાસપંચાયત સભ્ય મણીબેન ડામોરની હાજરીમાં ગોઠીબ જીલ્લા પંચાયતની બેઠક માટેનું પોતાનું ઊમેદવારી ફોર્મ ચુંટણી અધિકારી અને નાયબકલેકટર સંતરામપુરને આજે પોતાનું ઊમેદવારી ફોર્મ ભરી રજુ કરેલ હતું. સંતરામપુર તાલુકાની જીલ્લા પંચાયત ની આઠ બેઠકો પૈકી કોંગ્રેસ ઉમેદવાર તરીકે ગોઠીબ જીલ્લા પંચાયત ની બેઠક પર એક ઊમેદવારી ફોર્મ આજરોજ ભરાયેલ છે.

## ઝઘડીયા તાલુકાના ઈન્દોર-વાસણા રસ્તા પર ઓવરલોડ ટ્રકોથી સ્થાનીકો ત્રાહીમામ

### મહિલાઓનો રસ્તા પર ઉતરી વિરોધ



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૧૧

ઝગડીયા તાલુકાના વાસણા ગામે ચાલતી લીઝોમાંથી રેતી ભરાતી ઓવરલોડ ટ્રકો ઈન્દોર ગામમાંથી પસાર થાય છે માટે સ્થાનિકો રોષે ભરાયા હતા,લીજો માટે બાયપાસ રસ્તો હોવા છતાં ગામમાંથી ઓવરલોડ ટ્રકો કાઢવામાં આવે છે જેથી ઈન્દોર ગામના સ્થાનિક લોકો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા આજરોજ ઈન્દોર ગામના નાગરિકોએ ઓવરલોડ ભરેલ રોયલ્ટી વગરની ટ્રકો રોકી હતી. ઝઘડીયા તાલુકાના ઈન્દોરથી વાસણા સુધીનો રસ્તો અત્યન્ત બિસ્માર બન્યો છે જેથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠયાછે, વાસણા તેમજ પાણેથા ગામે મોટાપાયે ગેરકાયદેસર રેતી ખનન થઈ રહ્યો છે મોતાપાતે રોયાલ્ટી પાસ વગર ઓવરલોડ ટ્રકોથી રેતીનુ વહન કરવામા આવે છે જેથી આ રસ્તા પરની પીવાના પાણીની પાઈપ લાઈનમા ડ્રેનેજ લાઈનું પાણી મિક્સ થઈ જવાથી પીવાનું પાણી પર ગંદુ આવે છે તેવા આક્ષેપ ગામ જનો કરી રહ્યા છે અને ગંદુ પાણી જાહેર રસ્તા પર વહેતા કાદવ કીચડથી જેનાથી લોકોને બિમારીનો ભોગ બનવુ પડે છે તેમજ ઈન્દોરથી વાસણા સુધીના રસ્તા પર કેટલાક ધાર્મિક સ્થળ પણ આવેલા છે જેમ કે મંદિર દરગાહ અને આગણવાડી પણ આજ રસ્તે આવેલ હોય જેથી ગામ જનોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. અને ખેડૂતોના ખેતરો આવેલા છે તેમા પણ ધુળ ઉડવાના કારણે પાકને મોટા પાએ નુકસાન થાય છે, વાસણામાં ચાલતી લીઝોના બાયપાસ રસ્તો હોવા છતાં ઓવરલોડ ટ્રકો ઈન્દોર ગામમાંથી કાઢવામાં આવે છે જેથી ઈન્દોર ના ગ્રામજનો રોષે ભરાયાં હતાં અને ગ્રામજનો વારંવાર ખાણખનીજ વિભાગ ભરૂચ કલેકટર ઝઘડિયાને રજુઆતો કરવા છતા પણ આ સમસ્યાનું કોઈ નિરાકરણ આવતુ નથી. આ સમસ્યાનું વહેલી તકે નિરાકરણ નહિ આવે તો ગ્રામ જનો ઉગ્ર આંદોલન કરશે.

## જૂગારનો રૂ.૧૧ હજારનો ઘોડી પાસાનો કેસ શોધી કાઢતી કોડીનાર પોલીસ



ચક્રવાત ટીમ જૂગાર, તા.૧૧

પો.સ્ટાફ કોડીનાર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન કોડીનાર અલીમુસાની મીલ પાસે ફુટપાથ ઉપર જાહેરમાં ઘોડી પાસાનો જુગાર રમી પૈસાની હાજીત કરતા કુલ પાંચ ઈસમો જેમાં ગોપાલભાઈ મેરૂભાઈ ભીલ-કોળી ઉ.વ.૩૬, રહે. કોડીનાર, તથા વિજયભાઈ ધીરૂભાઈ ચુડાસમા -કોળી ઉ.વ.૨૫, રહે. કોડીનાર, યુનાભઠ્ઠી મુળ દ્વારકારોડ તા. કોડીનાર, સલીમભાઈ કાસમભાઈ મન્સુરી-પીંજારા મુસ્લીમ ઉં, વ .૪૦, રહે. કોડીનાર, અલ્લાહરખા રહિમભાઈ મસુરી-પીંજારા મુસ્લીમ ઉ.વ.૩૯, રહે. કોડીનાર. મુળદ્વારકા રોડ જલારામ સોસાયટી તા.કોડીનાર, સાજીદભાઈ રહીમભાઈ મસુરી-પીંજારા મુસ્લીમ ઉ.વ .૩૪ ધંધો-મજુરી રહે. કોડીનાર ઠે.મુળ દ્વારકા રોડ ઝુંપડપટ્ટી તા. કોડીનાર વાળાઓને જાહેરમાં ધોડી પાંસાનો જુગાર રમી રમી રમાડતા જુગારના સાધનો ધોડી પાસા નંગ -૧ ૨ તથા કુલ રોકડ રૂ .૧૧,૧૭૦ / -ના મુદામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધ કોડીનાર પૌ.સ્ટે . માં જુગારધાર કલમ -૧ ૨ મુજબ ગુન્હો રજી કરાવેલ.

## જૂનાગઢ જિલ્લાના આંબેડકર નગર વિસ્તારમાં જંગલ વિસ્તાર છોડી રહેણાકમાં સિંહ ગાયનું કર્યુ મારણ

ચક્રવાત ટીમ, તા.૧૧



છેલ્લા ઘણા સમયથી જંગલ વિસ્તાર છોડી સિંહ જૂનાગઢના જુદા જુદા રહેણાંક વિસ્તારમાં જોવા મળી રહ્યા છે. થોડા દિવસો પહેલા જ જૂનાગઢ ના જોશીપરા વિસ્તાર માં સિંહ જોવા મળતા સ્થાનિકોમાં લોકોમાં ભયનો માહોલ પ્રસરી ગયો હતો અને જોષીપરા વિસ્તારના સીસીટીવી કેમેરા માં સિંહ આટા ફેરમારતો નજરે પડ્યો હતો બીજી બાજુ જૂનાગઢ રાજકોટ રોડ પર આવેલી સરોવર પોટ્રિકા હોટેલ જે જૂનાગઢ રોડ પર આવેલી હોટલ મા પણ સિંહ આટા મારી હોટેલ ની જાણે કે મુલાકાતે આવ્યો હોય એવું સીસીટીવી ફૂટેજ મા જોવા મળ્યું હતું.પરંતુ હવે તો સિંહ જાણે શિકાર ની શોધમાં હોય એવું લાગી રહ્યું છે. મોડી રાતે બીલખા રોડ પર આવેલા આંબેડકર નગરના રહેણાંક વિસ્તારમાં જંગલ માથી આવી ત્યાં નાં જ રહેવાશીની ૪૦.૦૦૦ની કીમતી ગાયનો શિકાર કર્યો હતો. ગાયના માલિકને પૂછતા જણાવ્યું હતું મારી ગાય રોજ નું ૩૦ લિટર દૂધ આપતી હતી અને અમારા ઘરનું ગુજરાન તેના પર ચાલતું હતું જોકે સિંહ રહેણાક વિસ્તારમાં ગાયનો શિકાર કર્યો છે. અને રેન્જમાં લઈ ગયેલ અને આ બાબતે ગાયના માલિક દ્વારા જ્યારે વનવિભાગ અધિકારી સાથે વળતરની વાત કરતા વનવિભાગ ના અધિકારી એ હાથ અધ્ધર કરી દીધા હતા અને આનું કાય વળતર ન મળે એવું જણાવ્યું હતું. ત્યારે સ્થાનિકોની માંગણી છે પોતાનો જીવ કેવી રીતે બચાવવો એ અધિકારી જણાવે. શું ગાયો ભેસોને ઘરમાં પૂરી રાખવી કે આમ જ શિકાર કરવા દેવો અને આર્થિક નુકશાની ભોગવવી. સરકાર આ બાબતે યોગ્ય નિર્ણય લઈ સ્થાનિકોની મદદ કરે એવી લોકો દ્વારા માંગ ઉઠી છે.

## હસનપર ગામે ૨૬૧ બોટલ વિદેશી દારૂ સહિત રૂ.૨.૪૫ લાખના મુદામાલ સાથે એક ઝડપાયો

ચક્રવાત ટીમ, તા.૧૧

વાંકાનેર શહેર પોલીસ દ્વારા તાલુકાના હસનપર ગામ ખાતે ચોક્કસ ખાનગી બાતમીના આધારે એક યુવાનના મકાનમાં વિદેશી દારૂની રેડ કરતાં ત્યાંથી ૨૬૧ બોટલ દારૂ અને ૬ બીયરના ટીન મળી આવ્યા હતા જેથી પોલીસે દારૂ-બિયરનો જથ્થો, વાહન અને મોબાઈલ સહિત કુલ રૂ. ૨.૪૫ લાખનો મુદામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર શહેર નજીક આવેલ તાલુકાના હસનપર ગામના શક્તિપરા વિસ્તારમા ભાડાના મકાનમાં રહેતા રવિ પ્રદીપભાઈ ભટ્ટ પોતે મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખતો હોવાની ચોક્કસ ખાનગી બાતમીના આધારે પોલીસ સ્થળ પર દરોડો પાડતા આરોપીના મકાનમાંથી કુલ ૨૬૧ નંગ વિદેશ દારૂની બોટલ અને ૬ બીયરના ટીન મળી આવ્યા હતા. જેથી પોલીસે સ્થળ પરથી રૂ. ૧,૧૪,૮૬૫ ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો, એક અલ્ટો કાર નં. GJ 3 CA ૧૮૩૦ (કિંમત રૂ. ૧,૨૫,૦૦૦) તેમજ બે મોબાઈલ ફોન(કિંમત રૂ. ૬,૦૦૦) સહિત કુલ રૂ. ૨,૪૫,૮૬૫ નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં સ્થળ પરથી આરોપી મળી આવતા તેની ધરપકડ કરવા અને આ વિદેશી દારૂનો જથ્થો આરોપી ક્યાંથી લઈ આવ્યો હતો અને કોને આપવાનો હતો તે દિશામાં પણ તપાસ શરૂ કરવા તજવીજ હાથ ધરી છે.

## વાંકાનેર : જુના મનદુ:ખમાં દેરાણી અને તેના બે ભાઈઓનો જેઠાણી પર છરી વડે હુમલો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૧

વાંકાનેર નવાપરા વિસ્તારમાં પંચાસર રોડ પર આવેલ વિધાતા પોટરી પાસે રહેતી એક મહિલાને તેની દેરાણી સાથે જુના મનદુ:ખમાં અબોલા હોય અને મહિલાના ઘરે મહેમાન આવ્યા હોય ત્યારે દેરાણી તેના ઘરે બેસવા માટે આવ્યા હતા ત્યારે તેને ઘરે આવવાની ના પાડતા સારું ન લાગતાં દેરાણીએ તેના બે ભાઈઓને બોલાવીને જેઠાણી સાથે માથાકૂટ-બોલાચાલી કરી અને ગાળો આપીને છરી વડે જેઠાણી પર હુમલો કરી તેને ઈજા પહોંચી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવમાં ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડાઈ હતી, જે બાદ મહિલાએ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે તેની દેરાણી અને તેના બે ભાઈઓની સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર શહેરના નવાપરા વિસ્તારમાં, પંચાસર રોડ પર વિધાતા પોટરી પાસે રહેતા પુષ્પાબેન રાજેશભાઈ બારોટ (ઉંમર ૩૭)ના ઘરે મહેમાન આવ્યા હોય ત્યારે તેના પાડોશમાં રહેતા દેરાણી સોનલબેન કિશનભાઈ બારોટ (રહે. નવાપરા પંચાસર રોડ) બેસવા માટે આવતા હોય જેમાં દેરાણી સાથે અગાઉનું મનદુ:ખ હોવાથી તેઓ બોલતા ન હતા માટે તેમને મહિલાએ પોતાના ઘરે આવવાની ના પાડી હતી જેથી કરીને સોનલબેનને તે સારું ન લાગતાં તેઓએ તેમના બે ભાઈ રોહિત તેજાભાઈ રાઠોડ અને રાહુલ તેજાભાઈ રાઠોડ (રહે. લતીપર)ને ત્યાં બોલાવી સાંજના સમયે સોનલબેન અને તેના બંને ભાઈઓએ પુષ્પાબેનની સાથે માથાકૂટ કરી હતી ગાળો આપી હતી અને ઝપાઝપી કરી હતી. આ દરમિયાન સોનલબેનના ભાઈ રોહિત તેજાભાઈ રાઠોડે ફરિયાદી પુષ્પાબેનને હાથના ભાગે છરીનો એક ઘા ઝીંકી દીધો હતો અને ઢીકાપાટુનો માર મારી ઈજાઓ કરી હતી જેથી કરીને ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જે બાદ પુષ્પાબેને તેમના દેરાણી સોનલબેન અને તેના બે ભાઈઓની સામે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કિશાન એકતા સમિતિ અને કોડીનાર તાલુકા ખેડૂત મંડળ દ્વારા આવેદન



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામા ઘઉં તેમજ ચણાનો પાક પુષ્કળ પ્રમાણમાં વાવેતર હોવાથી કોડીનાર તાલુકાના ખેડૂતોને સરકાર દ્વારા જે ટેકાના ભાવે ખરીદી કરે છે તેનો કાંટો કોડીનાર થી ૨૦ થી ૨૫ કિલોમીટર દૂર હોવાથી ખેડૂતો પોતાનો માલ વેચવા માટે ખર્ચ વધી જતો હોવાથી આજરોજ કોડીનાર તાલુકાના ખેડૂતોતેમજ ખેડૂત આગેવાનો દ્વારા કોડીનાર મામલતદાર સાહેબને આવેદનપત્ર આપીને કોડીનાર તાલુકા મા ચણા તેમજ ઘઉંના પાકનો કાંટો વહેલી તકે ચાલુ કરવા કિશાન એકતા સમિતિ તેમજ ખેડૂત મંડળ કોડીનાર દ્વારા માગણી કરવામાં આવે છે, જેમા ખેડૂત આગેવાન સુરપાલસિહ બારડ, શનિભાઈ બારડ, રણજીતસિંહ પરમાર, અજીતસિંહ ડોડીયા મહેશભાઈ રામ તેમજ ખેડૂતો દ્વારા મામલતદાર સાહેબ ને આવેદનપત્ર આપીને ધારદાર રજૂઆત કરી હતી.

## વાંકાનેર ખાતે યોજાશે મોમીન રત્ન સન્માન સમારંભ, આજથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૧

વાંકાનેર શહેર અને તાલુકા ભરના મોમીન સમાજના તેજસ્વી તારલાઓ અને યુવા પ્રતિભાઓને સન્માનવા માટે વાંકાનેર ગેલેક્સી ક્રેડિટ કો. ઓ. સો. લી. તથા આકાશગંગા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા 'મોમીન રત્ન સન્માન સમારંભ' નું આયોજન કરવામાં આવ્યું છે જેની રજીસ્ટ્રેશન પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવી છે. વાંકાનેરની ગેલેક્સી ક્રેડિટ કો. ઓ. સો. લી. તથા આકાશ ગંગા એજયુકેશન ટ્રસ્ટ-કેરાળા દ્વારા વાંકાનેર વિસ્તારમાં ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માં પાસ થયેલ S.S.C./ H.S.C./ P.T.C./ ડિપ્લોમા/ ગ્રેજયુએટ/ B. Ed./ પોસ્ટ ગ્રેજયુએટ/ સ્પેશિયલ ૪ પ્રોફેશનલ ડિગ્રી/ સ્પર્ધાત્મક પરીક્ષા ક્લાસ ૧/૨/૩ પાસ વર્ષ ૨૦૧૯-૨૦/ તથા રાજ્ય/નેશનલ લેવલ સ્પોટ્ર્સ સર્ટીફીકેટ મેળવેલ પ્રતિભાવંત મોમીન સમાજના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા ગેલેક્સી ક્રેડિટ સોસાયટીના સભાસદોના પ્રતિભાવંત સંતાનોને સન્માનિત કરવા માટે મોમીન રત્ન સન્માન સમારંભ ૨૦૨૧નું આગામી સમયમાં આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના માટેની રજીસ્ટ્રેશન પ્રક્રિયા પણ આજથી શરૂ કરવામાં આવી છે. આ સન્માન સમારંભમાં મૂળ વાંકાનેરના વતની અને હાલ બહાર રહેતા મોમીન જ્ઞાતિના ભાઈઓ-બહેનો પણ અરજી કરી શકશે. આ સન્માન સમારંભમાં ભાગ લેવા ઈચ્છતા મોમીન સમાજના દરેક ભાઈ-બહેનોએ નીચે આપેલ લીંક દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે. આ ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ ૦૫-૦૩-૨૦૨૧ સુધી રહેશે.

## જૂનાગઢપેટા ચૂંટણી વોર્ડ નં. ૧૫ના કોંગ્રેસ લાખાભાઈ પરમારે પ્રચારની કરી શરૂઆત

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૧

સમગ્ર ગુજરાતમાં જ્યારે ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે પૂર્વ મેયર લાખાભાઈ પરમાર જેમને સામાન્ય સીટ પરથી કોંગ્રેસમાં ઉમેદવારી નોંધાવી પોતાના કાર્યકર્તાઓ સાથે આંબેડકર વિસ્તારમાં ઢોલના ધબકારે ચૂંટણી પ્રચારની તૈયારીઓ કરી દીધી છે .જૂનાગઢ વોર્ડ નં ૧૫ ના મતદારો દ્વારા જણાવ્યા હતું કે ઉમંગ ઉત્સાહ ની સાથે વોર્ડ નંબર ૧૫ માં કોંગ્રેસ પક્ષ અને લાખાભાઈ પરમાર જંગી બહુમતીથી જીતશે એવી આશા વ્યક્ત કરી હતી. કારણ કે પૂર્વ મેયર લાખાભાઈ પરમાર ૧૦ ટર્મ થી કોંગ્રેસમાં ચુંટાતા આવ્યા છે અને છેલ્લા ૫૦ વર્ષ થી કોંગ્રેસ પક્ષમાં રહી પ્રજાના પ્રશ્નોને યોગ્ય ન્યાય આપ્યો છે વધુમાં ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાં પાસે બેસી લોકોના પ્રશ્નોને સાંભળી લોકોના પ્રશ્નો હલ કર્યા છે. જે કોંગ્રેસ ના મતદારો દ્વારા જણાવ્યું છે.રોડ રસ્તા , લાઈટ, પાણીના પ્રશ્નો અને જૂનાગઢ શહેર ની ઝૂંપડપટ્ટી ને રેગ્યુલાઈઝ કરવા માટે નગર પાલિકાના સમયમાં લાખાભાઈ પરમાર દ્વારા ઠરાવ પસાર કરેલ જેમાં ૧૯૯૩ માં ઝૂંપપટ્ટી રેગ્યુલાઈઝ કરવા માટે ફી પણ ચૂકવી દીધેલ ત્યાર બાદ મહાનગર પાલિકા મા જનરલ બોર્ડ મા ઝૂંપડપટ્ટી રેગ્યુલાઈઝ કરવા ઠરાવ કરેલ છે. હાલ ઝૂંપડપટ્ટી મા રહેતા લોકોને વહેલી તકે દસ્તાવેજ મળે એવી કાર્યવાહી પણ કરેલ છે.હાલમાં આ બધા કામોને લોકો મત આપી અને વિશ્વાસ રાખી બિરદાવે એવું વોર્ડ નં ૧૫ ના કોંગ્રેસના ઉમેદવાર લાખાભાઈ પરમાર દ્વારા કહેવામાં આવ્યું હતું.

## ઊના દિવ રોડ પર બે કારમાં દારૂના મુદામાલ સાથે ૫ શખ્સોને પોલીસે ઝડપાયા

ચક્રવાત ટીમ ઊના, તા.૧૦

દારૂની બોટલો નં. ૯૨૨ કિ.રૂ. ૪ લાખ ૨૬ હજાર ૩૯૦, ૭ મોબાઈલ, ૨ કાર સહીત કુલ રૂ. ૧૨ લાખ, ૫૨ હજાર ૮૯૦ નો મુદામાલ એલ સી બી તેમજ ઉના પોલીસે ઝડપી પાડ્યો. દિવથી આવતા વાહનમાં દારૂની સપ્લાય કરતા હોવાની બાતમી આધારે પોલીસ વોચ ગોઠવી કાર રોકાવી તલાસી લેતા કારની અંદર ચોરખાના માંથી વિદેશી દારૂની બોટલોના જથ્થા સાથે બે કાર સહીત પાંચ શખ્સોને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ દિલીપ વગન મોકરીયા, પોપટ ઉર્ફે પ્રતાપ હાજા ઓડેદરા રહે. જુનાગઢ તેમજ રામ ઉર્ફે રાજુ બાલુ મોઢવાડીયા મૂળ ઉપલેટા હાલ દૂધાળા તા.જાફરાબાદ જી.અમરેલી તેમજ કુણાલપરી ધીરૂપરી ગોસ્વામી, વનરાજ ભીખા ઓડેદરા રહે. જુનાગઢ વાળા દિવથી કારમાં દારૂ લઈ ઉના તરફ આવતા હોવાની બાતમી આધારે ગીર સોમનાથ એલસીબી બ્રાંન્ચ તેમજ ઉના પોલીસે દેલવાડા-નવાબંદર ચોકડી પાસે તેમજ દેલવાડા રોડ પર નાગનાથ મંદિર પાસે વોચ ગોઠવી હતી. અને દિવથી આવતી કારને રોકાવી તલાસી લેતા કારની અંદર બનાવેલ ચોરખાના માંથી અલગ અલગ બ્રાંન્ડની વિદેશી દારૂની બોટલો નં. ૯૨૨ કિ.રૂ. ૪ લાખ ૨૬ હજાર ૩૯૦, ૭ મોબાઈલ, ૨ કાર સહીત કુલ રૂ. ૧૨ લાખ, ૫૨ હજાર ૮૯૦ નો મુદામાલ સાથે પાંચ શખ્સોને ઝડપી પાડેલ હતા. આ બાબતે પોલીસે વધુ પુછપરછ કરતા આ દારૂ દિવ્યેશ ઉર્ફે ડી કે ઓડેદરા રહે. જુનાગઢ વાળાએ મંગાવેલ હોવાનું ખુલતા પોલીસે આગળની વધુ તપાસ હાથ કરે ધોરણસરની કાર્યેવાહી હાથ ધરેલ છે.

## તંત્રીસ્થાનેથી......

# ચૂંટણીમાં ચતુષ્કોણીય જંગ ભાજપને ફળશે કે કોંગ્રેસને?

નવેમ્બર ૨૦૨૦માં ગુજરાતમાં ૬ મહાનગપાલિકા, ૫૫ નગરપાલિકા, ૩૧ જિલ્લાપંચાયત અને ૨૩૧ તાલુકાપંચાયતની ચૂંટણીઓ યોજાવાની હતી, જોકે કોરોના વાઈરસના સંક્રમણના કારણે ચૂંટણી ત્રણ મહિના માટે પાછળ ઠેલવવામાં આવી હતી.ફેબ્રુઆરી ૨૦૨૧માં સ્થાનિક સ્વારાજ્યની ચૂંટણી યોજાય એવી શક્યતા છે અને રાજકીય પક્ષો સક્રિય થઈ ગયા છે. ગુજરાતમાં જ્યાં ભાજપ-કૉંગ્રેસની સામે હવે છોટુ વસાવાના પક્ષની સાથે-સાથે ઓવૈસીનો પક્ષ એઆઈએમઆઈએમ ઝંપ લાવી રહ્યો છે, બીજી તરફ આમ આદમી પાર્ટી પણ મેદાનમાં આવી ગઈ છે. આ વચ્ચે રાજકીય પક્ષોના રાષ્ટ્રીય નેતાઓની મુલાકાતોથી એવો રાજકીય માહોલ સર્જાયો છે, જેવો સામાન્ય રીતે વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં સર્જાતો હોય છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી દરેક રાજકીય પક્ષ માટે મહત્ત્વની હોય છે, પણ કેન્દ્ર ના મંત્રીઓ આવીને પ્રચાર કરે, આવું ભારતના ઈતિહાસમાં થતું નહોતું. ગુજરાતની ચૂંટણીમાં સ્થાનિક નેતાગીરી પર જવાબદારી સોંપવામાં આવતી હતી, નહીં કે રાષ્ટ્રીય સ્તરના નેતાઓને. ઉલ્લેખનીય છે કે આ અગાઉ હૈદરાબાદમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પ્રચાર કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથ પણ પહોંચ્યા હતા. જે બાદ આ ચૂંટણીની ચર્ચા રાષ્ટ્રીય ફલક પર થવા લાગી હતી. ભાજપ કાયમ ઈલેક્શન મોડમાં હોય છે અને ચૂંટણી માટે તૈયારીઓ કરતો હોય છે. હૈદરાબાદની ચૂંટણીમાં પણ ભાજપે પોતાની તમામ તાકાત



**યાકુબ બાદી**
**તંત્રી**

લગાડી દીધી અને કેન્દ્રીય મંત્રીઓએ પ્રચાર કર્યો. આ ભારતીય રાજકરણ માટે એક મોટો ર્ટનિંગ પૉઈન્ટ પૂરવાર થયો છે. રાષ્ટ્રીય પક્ષો સ્થાનિક ચૂંટણીઓ પૂરી તાકાત લગાડી દે તો સ્થાનિક ગઠબંધનો અને નાના પક્ષો, જે સ્થાનિકસ્વારાજની ચૂંટણીઓમાં જ ભાગ લેતા હતા, તેમની પર મોટી અસર થશે. સ્થાનિકસ્ વરાજની ચૂંટણીમાં આપ, બીટીપી અને એઆઈએમઆઈએણના ઝંપલાવવાથી ભાજપને કોઈ ફેર નહીં પડે તેવો મત રાજકીય બાબતોના તજજ્ઞોનો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આપ પક્ષનો ગુજરાતમાં કોઈ જનાધાર નથી. દિલ્હીની પ ાર્ટી છે અને છેલ્લાં ૨-૩ વર્ષમાં પક્ષે એવું કોઈ કામ પણ ગુજરાતમાં કર્યું નથી. બીટીપી અને એઆઈએમઆઈએમને થોડા મતો મળી શકે છે. જેથી ભાજપને કોઈ નુકસાન કરશે, તેવી સંભાવના નથી. આપ અને એઆઈએમઆઈએમ-બીટીપીના સ્થાનિકસ્વારાજની ચૂંટણીમાં ઝંપલાવવાથી ભાજપને કોઈ ફેર નહીં પડે, કારણકે ગુજરાતમાં હજુ કૉમ્યુનિટી પૉલિટિક્સ નથી અને આ પક્ષો માત્ર ત્યાં જ અસર કરશે, જ્યાં જીતની સરસાઈ બહુ પાતળી હોય. અત્યારે તો ત્રણેય પક્ષો ગુજરાતમાં પગ જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આવતાં ૫-૧૦ વર્ષમાં કદાચ તેઓ સફળ પણ થાય. કૉંગ્રેસ ગુજરાતમાં નબળી થઈ રહી છે, જેનો લાભ આ પક્ષોને મળી શકે છે. આ પાર્ટીઓના ગુજરાતમાં એન્ટ્રીથી ભાજપને નહીં કૉંગ્રેસને નુકસાન થઈ શકે છે. આદિવાસી વિસ્તારોમાં ભાજપની સારી પકડ છે. એઆઈએમઆઈએમ મુસ્લિમ મતો તોડી શકે છે, જે કોંગ્રેસની પરંપરાગત વોટબેંક છે જેથી તેની સીધી અસર કૉંગ્રેસ પર થશે. જેથી ગુજરાતમાં આપ, ઔવેશી અને બીટીપીની ચુંટણી લડવાની જાહેરાતથી કોંગ્રેસને ફટકો પડશે તે નક્કી છે.

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....





## પ્રકરણ ૬૨

વેકેશનની એ રજામાં હું ઘરમાં ભરાઈ રહ્યો. સાગર પણ ઘરે નહોતો. રાહુલ એક વાર ઘરે આવ્યો હતો. તેણે મારું એક પેઈન્ટિંગ બનાવ્યું હતું, જેમાં મારી વેદનાના ભાવો સારી રીતે છુપ ાયા હતા. મારું પેઈન્ટિંગ જોઈને લાગ્યું તે ખરેખર કલાકાર હતો. મીરા પણ ગીતાની વાત સાંભળીને ઘરે દોડી આવી હતી. તેના ખોળામાં સૂતો સૂતો હું ખૂબ રડ્યો હતો. તે માથામાં હાથ ફેરવતાં બોલેલી.“કાના, યુ આર વેરી લકી. તને આવું ફેમિલી અને પેરેન્ટ્સ મળ્યા છે.'' કોને ખબર છે ખરેખર હું કેટલો નસીબદાર હતો. આ કપરા સમય અને એકલતામાં મીરાએ મને સાચવી લીધો હતો. મેં એન્જલ જોડે પણ વાત કરી હતી. તે ગામડાં ખૂંદી રહી હતી.

આખરે ૧૨ સાયન્સનો એ પ હેલો દિવસ આવી પહોંચ્યો. સ્કૂલની આ સિસ્ટમમાં ભણતી વખતે અમે સાયન્સમાં ભણી રહ્યા છીએ એવું ક્યારેય લાગ્યું જ નહીં. અમે પણ નૉર્મલ સ્ટુડન્ટની જેમ બધું એન્જોય કરતાં કરતાં ભણી રહ્યા હતા.

“આજે ગેસ્ટ સ્પીકર તરીકે નેહા શર્મા આવવાના છે.'' મીરા 'ક્રિએશન પેડ' ચાલુ કરતાં બોલી.

“એ કોણ છે ?'' મેં પૂછ્યું.

“કાલે 'ક્રિએશન પૅડ' માં તેમના વિશે અપડેટ આવી ગઈ હતી. તેં કશું ચેક નથી કર્યું લાગતું ? ૧૨ સાયન્સની મન્થલી એક્ટિવિટીનું ટાઈમટૅબલ પણ સાથે અપલોડ થયેલું.'' મીરાએ કહ્યું.

વાઈના મેમ આજે લાલ સાડીમાં પરિચિત સ્મિત સાથે અમને આવકારી રહ્યા હતા, “હેલ્લો માય ડીયર ફ્રૅન્ડસ, ૧૨ સાયન્સના આ પ્રથમ દિવસે તમામ સ્ટુડન્ટનું સ્વાગત છે."

આ સ્વાગત સાથે આખા વર્ષની એક્ટિવિટીનું ટાઈમટેબલ અમારી સાથે શેર કર્યું. બીજી થોડી જરૂરી વાતો શેર કરીને બોલ્યા. "આપણે દર વર્ષે શરૂઆતના આ ફિલ્ડની કોઈ પ્રસિદ્ધ વ્યક્તિને ગેસ્ટ સ્પીકર તરીકે બોલાવીએ છીએ, તો આ વર્ષે આપણી બધાની વચ્ચે હાજર છે નેહા શર્મા.''બધાએ તાળીઓ પાડી.સ્ટેજ પાસેના દરવાજામાંથી અંદર દાખલ થતાં એક મોટી ઉંમરની સ્ત્રીનું સ્વાગત કર્યું.

“તેમના કામ વિશે કે તેમના વિશે પરિચય આપવા જેટલી લાયક તો હું હજુ નથી. તેમના સ્ટુડન્ટ માટે ઉઠાવતા પ્રશ્નો જ તેમની કામ પ્રત્યેની નિષ્ઠા અને એ માટે છેવટ સુધી લડી લેવાની પ્રબળ ઈચ્છાશક્તિ જ તેમનો પરિચય છે. મારે હવે વધુ કશું કહેવાનું થતું નથી. હું તેમને જ કહીશ કે અહીં આવી પોતાનું વકતવ્ય રજૂ કરે.''બધાએ ફરીથી તાલીઓ પાડી તેમને આવકાર્યા.

“હું ગ્રાઉન્ડ લેવલ ઉપર વર્ક કરવામાં માનું છું. મને આ રીતે સ્ટૅજ ઉપર આવીને બોલવાનો બહુ અનુભવ નથી. મારી વાતને કે મારા કાર્યને તમારી સામે આવડે એ રીતે શબ્દોમાં રજૂ કરીશ.

હું ઘણા વર્ષોથી શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલી છું. છેલ્લા ૨૦ વર્ષમાં શિક્ષણના ફિલ્ડમાં જે બદલાવ આવ્યો છે, વ્યાપારીકરણ થયું છે તેનું મને બહુ દુઃખ છે. લોકોએ શિક્ષણને પૈસા કમાવાનું સાધન બનાવી દીધું છે. પોતાને શ્રેષ્ઠ સાબિત કરવા અંદરોઅંદર થતી લડાઈ, એમાં કારણ વગર વિદ્યાર્થીના ભવિષ્યનો ભોગ લેવાય છે. કેટલીક શાળાઓ સારું શિક્ષણ, શ્રેષ્ઠ મૅનેજમૅન્ટ આપે છે. સામાન્ય વિદ્યાર્થી માટે તેમાં પ્રવેશ અવકાશયાનની મુસાફરી જેટલો જ કાલ્પનિક હોય છે. જ્યાં સુધી સામાન્યજનને પરવડે તેવું શિક્ષણ આપ ણે નહીં આપી શકીએ તો તેના ગંભીર પ રિણામો ભોગવવા આપણે તૈયાર રહેવું પડશે. આ અટકાવવું પડશે, નહીં તો આપણાં દેશનું ભવિષ્ય સુરક્ષિત નથી.

બીજો વાંક વાલીઓનો પણ છે. આજના સમયમાં બહુ ઓછા મા-બાપ પોતાના સંતાનોની નિષ્ફળતા પચાવી શકે એટલા સહનશીલ હોય છે. બધાને પોતાન સંતાનોને ડૉક્ટર, એન્જિનિયર કે સી.એ. જ બનાવવા છે. તેના સિવાયની કૅરિયર, કૉર્સ જાણે ફોરેનમાં જ થતા હોય છે. મા-બાપને સમાજ વચ્ચે પોતાના બાળકને ઑલરાઉન્ડર તરીકે રજૂ કરવું છે. તે શ્રેષ્ઠ બૅટ્સમેન, બોલર, ફિલ્ડર કે વિકેટકીપર પણ હોવો જોઈએ. ઈશ્વર આટલી બધી ટૅલેન્ટ ભાગ્યે જ કોઈને એક સાથે આપે છે. આપણું દિમાગ એક સાથે આટલું બધું હૅન્ડલ કરી શકે તેટલું કેપેબલ નથી. તમારા બાળકને બાળક તરીકે જ ટ્રીટ કરો. તે કોઈ સુપર ચાઈલ્ડ નથી. તમારે તેને સુપર ચાઈલ્ડ બનાવવું હોય તો પહેલા નૉર્મલ ફીલ કરવા દો. દર વખતે તમે ડાળીએથી ઝાડ પર ના ચડી શકો. તમારે વૃક્ષનાં મૂળિયાં પરથી ચડવાની પ્રેક્ટિસ કરવી જ પડે અને આવડવું જ જોઈએ.

મેં સામાન્ય વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી અનુભવતાં જોયા છે. સૌથી વધુ સ્કૂલમાં પૈસાદાર વિદ્યાર્થી દ્વારા થતી 'મારી પાસે આ છે, તારે પાસે ક્યાં ?' જેવી સરખામણીની હરીફાઈ છે. એક ઉંમર પછી સમજાય આવી સામાન્ય બાબતોમાં કંઈ ફર્ક ના પડે, પણ બાળકો માટે આવી નાની નાની વાતો બહુ જ મોટા ઈશ્યૂ બની જતી હોય છે. જેની આપણે ગંભીરતાથી નોંધ લેતા નથી હોતા. બાળમાનસના કોઈ ખૂણામાં સંઘરાયેલી આ વાતો તેમને ગુનાખોરી તરફ પણ ધકેલી દેતી હોય છે.

અમે આવા બાળકોને ઓળખીને તેને સામાન્ય પ્રવાહમાં લાવવાનો પ્રયત્ન કરીએ છીએ. જરૂર પડે તો કાઉન્સેલિંગ પણ આપીએ છીએ. આ કુમળા માનસને વધુ તંદુરસ્ત અને સક્ષમ બનાવવા અવારનવાર વર્કશોપ, સેમિનારનું આયોજન કરીએ છીએ. અમુક શોર્ટ મૂવી પણ બનાવી છે.''

“એક્સક્યુઝ મી મેમ, તમે ખરેખ બહુ જ સુંદર કાર્ય કરો છો. બટ તમે અમારા માટે શું કરી શકો છો, બીકોઝ તમારી વાતો આ સ્ટેજે અમને બિલકુલ ઉપયોગી થાય એમ નથી. આ બધું અમે બહુ સાંભળ્યું છે. આમાં કશું જ નવું નથી અને આ વિશે વાતો સિવાય કશું થતું નથી'' હેપ્પીએ બિન્દાસ બનીને પ ૂછ્યું.

નેહા શર્માને આવા કોઈ સવાલની અપેક્ષા જ નહોતી. તેમણે વાત વાળવાના અર્થમાં કહ્યું, “મને ખબર છે તમારી સ્કૂલ બહુ જ એડવાન્સ અને સમજી ના શકાય તેવી ટૅકનૉલૉજી ધરાવે છે. અહીંયાં જે છે તે સામાન્ય વિદ્યાર્થી અને શિક્ષકોની પણ કલ્પના બહારની વાત છે, જેની તમે વાસ્તવિક રીતે કલ્પના પણ ના કરી શકો. તેનો ઉપ યોગ પણ જોખમી બની રહે છે.''

એક છોકરાએ ઉભા થઈને કહ્યું, “મેડમ, આઈ થિંક અમને લાગે છે કે તમારે તમારું નૉલેજ અને સ્કીલના નવી જનરેશનના અપડેટ વર્જન લાવવાની જરૂર છે. બિકોઝ અમને ખબર છે આ પ્રોબ્લેમ છે પણ તેના સોલ્યુશન વિશે તો કોઈ વાતો કરતું જ નથી. મોટિવેશનલ સ્પીકરની સ્પીચ મોટેભાગે આન્સર સુધી પહોંચતાં પહેલાં જ પૂરી થઈ જાય છે.''

“મને તો એવું લાગે છે તમને તમારા ટીચર્સે બોલવા આવનાર સ્પીકર કે મહેમાનોનું સન્માન કેમ જાળવવું એની તાલીમ આપી નથી લાગતી.'' તે થોડો ગુસ્સો કરતાં બોલ્યા.

“મેમ, અમને અહીંયાં સવાલો પૂછતા શીખવવામાં આવે છે. પ્રશ્નો ટાળવાનું નહીં. અમને લાગે છે તમારે પ્રશ્નોના જવાબ કેમ આપવા એ શીખવા માટે તાલીમની જરૂર છે. મારા બધા ક્લાસમેટે તમને સવાલો જ પૂછ્યા છે, બીજું કશું તો કહ્યું નથી.'' મીરાએ કહ્યું.

“વેલ, મને લાગે છે તમારા જેવા સ્ટુડન્ટ્સને અમારા જેવા અનુભવી વડીલોના જ્ઞાનની જરૂર નથી. તમે બધા જ મહાટૅલેન્ટેડ છો, જેની પાસેથી ખરેખર અમારે કશુંક શીખવાનું છે. જ્યારે તમે દરેક જગ્યાએથી નાસીપાસ થાવ ત્યારે અમારા જેવી સંસ્થાઓ યાદ આવશે, યાદ રાખજો. આ એક જાતનું અપમાન જ છે. તમારા જેવા સ્ટુડન્ટ્સના એરોગન્ટ એટીટ્યૂડને લીધે જ આ જનરેશનગેપ વધ્યો છે. સંસ્કારો નેવે મુકાયા છે અને દેશની સંસ્કૃતિ પર જોખમ ઉભું થયું છે.''

“પ્લીઝ મેમ, હવે ચર્ચા વધુ લંબાવી અમને ખરું-ખોટું સંભળાવવાની કોઈ જરૂર નથી. તમે મહાજ્ઞાની છો એટલે જ અત્યાર સુધી સાંભળ્યા, પરંતુ હવે સવાલોના જવાબ દેવાના આવ્યા એટલે સંસ્કૃતિનું અપમાન કેમ લાગે છે ? મેમ ક્યાંક તમારું જ્ઞાન તો ગોખણીયું નથી ને... કોર્સ બહારનું પૂછાય એટલે ધોળા દિવસે ચંદ્ર અને તારા દેખાવા લાગે. પ્લીઝ, હવે તમારું જ્ઞાનસત્ર સમાપ્ત કરશો તો અમારા પર મહેરબાની થશે. અમારી સ્કૂલ મજા ના આવે તો કોઈપણ ટીચર્સનો ક્લાસ ગમે ત્યારે છોડવાની રજા આપે છે, જ્યારે તમે તો સ્પીકર છો. તમારે ખાસ અમારો આભાર માનવો જોઈએ કે અમે તમને અત્યાર સુધી સહન કર્યા.'' રાહુલના ઉભા થવાથી બધા ઉભા થઈ ગયા.

નેહા શર્મા વાઈના મેમ તરફ જોતા રહ્યા, “સોરી મેમ, આ 'ફ્યુચર લેબ' છે. અહીંયા સવલોને સન્માન મળે છે વ્યક્તિની ઉંમરને નહીં.''

અમારી સ્કૂલમાં થયેલું સ્પીકર નેહા શર્માનું અપમાન ન્યૂઝપેપરમાં બહુ ચગ્યું. બધાએ અમારા ક્લાસને એરોગન્ટ, અસંસ્કારી જેવા કેટલાય લૅબલ મારી દીધા. સ્ટુડન્ટને આપવામાં આવતી વધુ પડતી આઝાદી પર પણ પ્રતિબંધ મૂકવા માગ કરી. મને પણ ગ્રાન્ડ હ્યુસ અને 'કાકાની કીટલી' પર સ્ટુડન્ટ્સ સવાલો સાથે ઘેરી વળતાં. નેહા શર્માનું સ્પીકર તરીકે બહુ મોટું નામ હતું, પરંતુ અમે બધાએ તેની કિંમત કોડીની કરી નાખી હતી.

“ડિયર સ્ટુડન્ટ, તમારે ન્યૂઝપેપર કે ચૅનલોની પેઈડ અફવાઓથી ગભરાવાની જરૂર નથી. ઘણી વાર આવા સ્પીકરોને જાણી જોઈને બોલાવવામાં આવશે. શીખવાની પ્રોસેસમાં ફક્ત જ્ઞાન મેળવવું જ ના આવે. તેનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવાની હિંમત દેખાડવી એ પણ અતિ મહત્વનું છે. તમે જે કર્યું તેના પર મને ક્લાસટીચર તરીકે પ્રાઉડ છે કે મારા ક્લાસના સ્ટુડન્ટ ફેક પર્સનાલિટીને સહન કરી શકતાં નથી. જરૂર પડે ત્યારે હિંમતથી જાહેરમાં વિરોધ પણ કરી જાણે છે." વાઈના મેમને અમારા પર પ્રાઉડ ફીલ થઈ રહ્યો હતો.

અમારે દર મહિને શિક્ષકોની કામગીરીની રિવ્યુ નોટ્સ આપવી પડતી. જેથી મેનેજમેન્ટને તેમની ભણાવવાની ક્ષમતા કે સ્ટાઈલમાં કેટલી ખામી કે ખૂબી છે તેનો ખ્યાલ આવે. આવા વિરોધની ઘટનાના સમયે ક્લાસ ટીચર ખુદ અભિમાન લઈ શકતાં હોય ત્યારે મનમાં નૈતિકતા કે સત્ય માટે લડવાની યાતના અને તેના મૂલ્યો વિશે સાચી સમજ આવે છે. તમને સત્ય માટે અવાજ ઉઠાવતા ડર નથી લાગતો.

અનુભવ વગરની નીડરતા ખરે ટાણે જ પાણીમાં બેસી જાય છે. આ ઘટનાથી શીખવા મળેલો સહુથી મોટો બોધપાઠ હતો. **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

**વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૧-૦૨-૨૦૨૧, ગુરૂવાર, પોષ વદ-દર્શ અમાસ, સૂર્યોદય-૭-૨૩, સૂર્યાસ્ત-૬-૪૦, જૈન નવકારશી-૮-૧૧, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શ્રવણ**

**- શુભ ચોઘડીયા -**

**૧૨-૩૯ થી અભિજીત ૧૩-૨૪ સુધી ૭-૨૩ થી શુભ-૮-૪૭ સુધી, ૧૧-૩૬ થી ચલ-લાભ-અમૃત-૧૫-૫૧ સુધી, ૧૭-૧૬ થી શુભ-અમૃત-ચલ-૨૧-૫૧ સુધી**

**- શુભ હોરા-**

**૭-૨૩ થી ૮-૧૯ સુધી ૧૦-૧૨થી ૧૩-૦૧ સુધી, ૧૩-૫૮ થી ૧૪-૫૪ સુધી, ૧૬-૪૭ થી** ૧૯-૪૪ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

મેષ (અ.લ.ઈ.) :- જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.

વૃષભ (બ.વ.ઉ.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.

મિથુન (ક.છ.ઘ.) :- નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.

કર્ક (ડ.હ.) :- વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.

સિંહ (મ.ટ.) :- ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.

કન્યા (પ.ઠ.ણ.) :- કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.

તુલા (ર.ત.) :- માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.

વૃશ્ચિક (ન.ય.) :- શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

ધન (ભ.ધ.ફ.ઢ.):- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.

મકર (ખ.જ.) :- ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.

કુંભ (ગ.શ.સ.) :- કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.

મીન (દ.ચ.ઝ.) :- કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

# પહેલી નજરે પ્રેમમાં પડવાની વાતમાં સાચું કેટલું?





**દેવલ શાસ્ત્રી**
**સંકલન**

ફેબ્રુઆરી મહીનાથી આપણા વસંતના વાયરાનો પ્રારંભ મિન્સ પ્રેમની સિઝન, પહેલાં આવે પ્રપોઝ ડે.... પ્રપોઝ ડે પર સૌથી વધુ બોલાતી કઈ વાત ? "પહેલી નજરે તારા પ્રેમમાં પડી ગયો"

પહેલી નજરેમાં આપણે ત્યાં એક કન્ફ્યુઝન ચાલે છે, જેને પહેલા પ્રેમ સાથે જોડી દેવામાં આવ્યું છે. વાત પહેલી નજરના પ્રેમની છે. પહેલી નજરનો પ્રેમ કોઈ પણ ઉંમરે થાય... હોટલ, ફ્લાઈટમાં ગયા કે કોઈ લકઝરી ખરીદી કરવા ગયા અને તેને વેચનારો કે વેચનારી પહેલી નજરે ગમી જાય એ માટે કોલેજ જવાની ક્યાં જરૂર છે? તમે શું સમજ્યા? એક ઉંમરે બધું ગમે....

એની વે, પહેલી નજરના પ્રેમમાં પુરુષો વધુ પડે કે સ્ત્રીઓ? યુરોપમાં એક રસપ્રદ અભ્યાસ થયો હતો, જેના પરિણામમાં જોવા મળ્યું કે પુરુષો પ હેલી નજરના પ્રેમમાં બહુ વહેલા પડી જતાં હોય છે, હકીકત તો એ છે કે પ ડવા માટે તૈયાર જ હોય છે...આ સ્ટડી અંગે ભારતીય મહિલાને પૂછ્યું હોત તો કારણો સાથે તારણો આપી દેત.....

બાય ધ વે, પહેલી નજરે પ્રેમમાં પડવા માટે કેટલો સમય લાગે? ૦.૨ સેકન્ડ જેટલો સમય.....

તમે કોઈને પસંદ કરો છો કે કેમ, તમે તેના પહેલી નજરના પ્રેમમાં પડવા માંગો છો કે કેમ એ નક્કી માત્ર ચાર મિનીટમાં થતું હોય છે. મિન્સ સામી વ્યક્તિ સમક્ષ સારી ઈમેજ બનાવવા માટે ચાર મિનીટનો સમય મળતો હોય છે. ચાર મિનિટમાં સારી વર્તણૂંકથી માંડી બોડી લેંગ્વેજ એડજસ્ટ કરવાની હોય, એ પછી બંનેના દિલના તાર રણકે તો ત્રણ મિનિટમાં ધબકારા એકસરખું સંગીત વગાડે છે.

એવું માનવામાં આવે છે કે સ્ત્રી પ ુરુષ સાથે ૩૪ મિનીટની વાતચીતથી નક્કી કરી શકે છે કે સંબંધ શોર્ટટર્મ છે કે લોંગટર્મ પોલીસી છે...

આ સમયે મગજના કેમિકલ બાર ક્ષેત્રોને ઉત્તેજિત કરે છે, પરિણામે આગલા ચાર કલાક વ્યક્તિ પીડામાંથી મુક્ત રહેતો હોય છે.

પુરુષોને પહેલી નજરમાં પ્રેમમાં પ ડવા માટે જીનેટિક કારણ છે, હજારો વર્ષોથી પુરુષો શિકાર કરતાં હતાં... શિકારની આદત ગઈ નથી, ખાલી શિકાર બદલાયો છે.

હવે ઉલટું વિચારો, સ્ત્રીઓ હજારો વર્ષોથી ઘરમાં રહી, તે શાંતિથી વિચારી શકે છે કે ક્યા શિકારીના પ્રેમમાં પ ડાય?

હવે સમજાયું? તો પ્રથમ નજરે પ્રેમમાં પડવાના મોકા કોણ વધારે શોધતું હોય છે?

સાઈકોલોજી કહે છે આકર્ષક લોકોને પહેલી નજરે પ્રેમમાં પડવાના વધુ મોકા મળે છે....હા, તમે આકર્ષક કેવી રીતે બનો છો? અનુભવીઓને પૂછો...

અનુભવી કોણ નથી? આ જ કારણે દરેક વ્યક્તિ બીજી અનેક વ્યક્તિઓ સાથે જીવનની કલ્પનાઓ કરતી હોય છે. અને હા, પહેલી નજરે પ્રેમમાં પ ડવા માટે એક અગત્યનું કારણ ભૂલી ન જવાય....સામી વ્યક્તિની ફિગર....

ફિગરમાં એક સંશોધન ઈન્ટરેસ્ટિંગ છે, લાંબા ગાળાના પ્રેમ માટે આકર્ષક શરીર કરતાં ગમતો આકર્ષક ચહેરો વધુ કામ લાગતો હોય છે. ફિગર તો બદલાતી રહે....

એક અભ્યાસ મુજબ સ્ત્રી એવી વ્યક્તિના પ્રેમમાં પડવા માંગે છે તેના જેવી તેના પરિવારમાં હોય, પાપા કી પરી....બાકી ફિલ્મો, વાંચન, કવિતા, ભટકવું, વિશ્વાસ, રિસ્પેક્ટ વગેરે તો વાત વધારવાના ટુલ્સ છે...

આ બધું ભેગું થાય એટલે મગજની કેમેસ્ટ્રી શરુ થાય, જરૂરી સ્ત્રાવ વહે એટલે પ્રેમમાં પડી જવાય...

આ જ કારણે પહેલી નજરના પ્રેમની મહદઅંશે એવરેજ એક વર્ષનું આયુષ્ય હોય છે. પ્રેમનું પાગલપન એક વર્ષનું હોય પ છી? નવો શિકાર....

એટલે જ ૪૦% મહીલાઓ ને એક વાતનો ડર હોય છે કે તે મને પ્રેમ કરશે કે છોડી દેશે? આ જ કારણે ૬૬% સ્ત્રીઓ એક વાત વારંવાર પ ોતાના સાથીને કહેતી હોય છે કે પ ૂરવાર કરવા પ્રયાસ કરતી હોય છે કે, "હું તમને પ્રેમ કરું છું"... એટલે જો તૂટેલો પ્રેમ ચાર મહીનામાં પૂર્વવત થઈ જાય તો તમારો પ્રેમ ખોટો નથી....પ હેલું વર્ષ બધું હેમખેમ રહે પછી પેપર ફૂટવા લાગે....

પહેલી નજરનો પ્રેમ અનેક પ્રકારની લાગણીઓની સાઈકોલોજીનો વિષય ઓછો છે, પ્રેમ એ કેમેસ્ટ્રીનો સબ્જેક્ટ છે, મગજમાંથી વહેતા કેમિકલ પીડા વધારે છે કે ઘટાડે છે.

ઓકે, જો તમે પહેલી નજરે વારંવાર પ્રેમમાં પડો છો...બહુ ચિંતા ન કરો.... તમારો વાંક નથી, કેમિકલ લોચાનો વાંક કાઢો.... બસ તમે પ્રેમમાં પડતા રહેશો તો માનસિક રીતે યુવાન રહેશો, નહિ તો જન્મથી જ ઘરડા બની જશો....તો પહેલી નજરનો પ્રેમ એટલે શું? ક્યારેક તો પીડાદાયક, તો ક્યારેક મધુર અને દુઃખદાયી...પ્રેમ વિના માનવજાતના અસ્તિત્વની કલ્પના શક્ય નથી...

હા, પહેલી નજરના પ્રેમ માટે સામી વ્યક્તિ સાથે બધા વિરોધાભાસ કામ નથી લાગતા, એ જ રીતે બહુ સમાનતાઓ પણ સંબંધ લાંબો સમય ટકવા દેતું નથી. બંને બેલેન્સ થાય તો લાઈફની કેમેસ્ટ્રી જામે.

પહેલી નજરના પ્રેમમાં વિલન કોણ? આંખો કી ગુસ્તાખીયાં.... સોરી નજર....કદાચ વધારે સારા શબ્દમાં કહીએ તો દ્રષ્ટિ.... જ્યારે કોઈની નજરે તમારા પર પડે છે ત્યારે ફેનીલેથિલેમાઈન નામનું કેમિકલ પેદા થાય છે, એ નક્કી કરે છે કે અખિયા મિલાકે ચાલુ રાખવું કે બંધ કરવું.... જે લડવા માટે સર્જાયેલું છે...આ કેમિકલને વાંધો નથી તો કોઈને વાંધો ન હોય.....

ફર્સ્ટ સાઈટનું લફરું પતે એટલે પ્રપ ોઝ કરતાં ભારતીયો ખાસ શીખો....જો હા જ પડાવવી હોય તો દરિયા કિનારા પર, પહાડની ટોચે, શણગારેલી કાર સાથે, જ્યાં પહેલીવાર મળ્યા હતાં એ ક્લાસરૂમમાં રોમેન્ટિક કવિતા સાથે પ્રપોઝ કરતાં શીખો, બાકી અમે રહી ગયા ને તમે લઈ ગયા જેવું થશે.... બે વર્ષે મામા બનશો....આ તો શું, અમને સલાહ આપવાની આદત...

બાકી પ્રેમ જોખમી છે, મનમાં ડરની ભાવના આજીવન જાળવી રાખે. પ્રેમમાં પડેલી દર ચોથી વ્યક્તિ ક્યારેક તો એક યા બીજા કારણે પ્રિય વ્યક્તિ ગુમાવવાનો ડર રાખતી હોય છે....ડર કે આગે તો જીત હૈ.... તો સોશિયલ મિડીયાના સાથીઓ..... હેપ્પી પ્રપ ોઝ ડે ના મંગલ દિવસે જૂની ભટકતી યાદોમાં ખોવાઈ જાવ......સાંજ પહેલાં પાછા ઠેકાણા પર આવી જજો.

# શું જીંદગી આવી હોઈ શકે?? વિઘ્નો વિનાની, વિટંબણાઓ વિનાની, કોઈ ડર વિનાની...





**અજય પરમાર**
**લેખક**

આપણે જો એમ માનીને ચાલતાં હોઈએ કે જિંદગીમાં બધું જ સફસુધરું પાર ઉતરવાનું છે તો આપણે ભૂલ કરીએ છીએ.

જે લોકો એમ માને છે કે અમારી સાથે બધું સારુંસારું જ થવું જોઈએ એ લોકો આ જિંદગી જીવવાને લાયક નથી. તમારા સંઘર્ષકાળ દરમ્યાન, તમારી કસોટીની ઘડીઓ દરમ્યાન જો તમને પ્રસન્નચિત્તે અને જલસા કરતાં કરતાં જીવતાં નહીં આવડતું હોય તો તમે જિંદગીમાં ભરી પડેલી અનેક શક્યતાઓને માણવાનું ચૂકી જશો.

જિંદગીની કિતાબ પર સુવર્ણ અક્ષરે લખી રાખવા જેવા આ શબ્દો છે.

બે વાત છે આમાં.

એક તો, જિંદગીમાં ક્યારેય ઊબડખાબડ રસ્તાઓ, વિઘ્નો અને નિરાશાઓનો સામનો નહી કરવો પડે એવું માનવું ભૂલ ભરેલું છે. સૂરજ જેવો સૂરજ પણ ક્યારેક કાળાં વાદળોથી ઢંકાઈ જાય છે. આ કળા વાદળોને કારણે સૂર્યદેવતા જે કામ કરવા ધારે છે તે કામ એ કરી શકતા નથી. પૃથ્વી પર સૂર્યકિરણો પ હોંચાડીને એને જીવતી રાખવાનું કામ સૂરજનું છે. આવા ઉમદા કાર્યમાં પણ જો કુદરતી બાધા આવી શકતી હોય તો આપણે હાથમાં લીધેલાં કામમાં ક્યારેક ને ક્યારેક તો વિઘ્નો આવવાનાં જ છે.

આપણે જો માની લીધું હોય કે આપણું દરેક કામ સહેલાઈથી સફળ થઈ જશે તો તે આપણી ભૂલ છે. એવું ક્યારેય બનતું નથી, બનવાનું પણ નથી. કોઈનીય સાથે નથી બન્યું. આપણને જે સૌથી સફળ વ્યક્તિઓ લાગે છે એમની સાથે પણ નહીં. જગત આખામાં સફળ વ્યક્તિ તરીકે ઓળખાતા મહાનુભાવો કે એમના કામધંધા સાથે પણ આવું નથી બન્યું. દરેક વ્યક્તિએ, દરેક ધંધા-નોકરી-વ્યવસાયમાં વિઘ્નો, નિષ્ફળતાઓ અને હતાશાઓનો સામનો કર્યો જ છે. તમે અપવાદ નહીં હો એની તૈયારી રાખજો. આનો અર્થ એ નથી કે તમે ભગવાનના લાડલા નથી.

બાકીના બધાની જેમ તમે પણ લાડલા જ છો. પણ ભગવાન તમારું હિંમત, અડગતા ચકાસવા, તમારી લાયકાત માપવા, તમારી દાનતની કસોટી કરવા અને તમારું ગજું કેટલું છે એની પરીક્ષા કરવા વારંવાર તમારી સરપ્રાઈઝ પ રીક્ષા લેવાનો જ છે. ક્યાંક એવું ના બને કે ભગવાન તમને અંબાણી જેટલું આપી દે પણ તમારા ખોબામાં એ માય જ નહીં, વેડફાઈ જાય, ઢોળાઈ જાય. એવું થાય તો ભગવાનની મહેનત નકામી જાય. ક્યાંક એવું ના બને કે સફળતા પામીને તમારા દિમાગ પર એટલી બધી રાઈ ચઢી જાય કે તમારો અહંકાર તમને રાવણ જેવાં કાર્યો કરવા માટે પ્રેરે. આવું થયું તોય ભગવાનની મહેનત નકામી જવાની. એટલે જ ભગવાન તમારી હેસિયત અને તમારી દાનત ચકાસવા વિઘ્નો મોકલતો રહે છે. રાતોરાત તમને કશું નથી આપતો. તમને સો ગરણીએ ગાળ્યા પછી જ એ નક્કી કરે છે કે તમને શું, કેટલું, ક્યારે આપવાનું છે. **(ક્રમશઃ)**

મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયુ

# ઠાકરે સરકારે ઉત્તરાખંડ જવા રાજ્યપાલને ચાર્ટર્ડ વિમાન માટે પરવાનગી ન આપી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

મહારાષ્ટ્ર સરકાર અને રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી વચ્ચેનો વિવાદ ફરી વધતો જણાય છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, મહારાષ્ટ્ર સરકારે ઉત્તરાખંડના હવાઈ પ્રવાસ માટે રાજ્યપાલની સેવા માટે વિમાન આપવાનો ઈનકાર કરી દીધો છે. ખરેખર રાજ્યપાલ ઉત્તરાખંડની મુલાકાત લેવા જવા ઈચ્છતા હતા. પરંતુ મહારાષ્ટ્ર સરકારે તેમને હવાઈ સેવા આપી ન હતી, તેમને ખાનગી એરલાઈન બુક કરવાની ફરજ પડી હતી. ઠાકરે સરકારે વિમાન આપવાની ના પાડી દીધી છે. ભાજપ આ અંગે સંપૂર્ણ આક્રમક બન્યું છે. ભાજપના નેતા સુધીર મુનગંટીવારે મહાવીકાસ આઘાડી સરકાર પર સીધો હુમલો કરતાં કહ્યું કે મહારાષ્ટ્ર સરકારે બદલાની ભાવનાથી પગલાં લીધાં છે. કોઈ પણ રાજ્યના કોઈ પણ રાજ્યપાલને વિમાન સેવા આપવા નકારી શકાય નહીં. તેમણે કહ્યું કે રાજ્યના પ્રથમ નાગરિક તરીકે તેમનો અધિકાર છે. પહેલેથી જ એકબીજા સામે તલવાર કાઢીને બેસેલી ભાજપ અને ઠાકરે સરકાર ફરી એકવાર સામ સામે આવી ગઈ છે. તેઓ ભાજપના વરિષ્ઠ નેતા, ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ભગતસિંહ કોશ્યારી મહારાષ્ટ્રના રાજ્યપાલ છે. આ પ્રસંગે વિધાન પરિષદના વિપક્ષી નેતા પ્રવીણ દારેકરે જણાવ્યું હતું કે રાજ્યપાલને મંજૂરી આપવાનો ઈનકાર કરવો તે બદલાની ભાવના જોવા મળી છે. આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. દરેકરે કહ્યું કે, લોકશાહીના નિયમોનું ઉલ્લંઘન કરતી આ ઘટના છે. મહાવિકાસ આઘાડી



સરકારના રાજ્યપાલને સેવા ન આપવાને કારણે રાજકીય રાજકારણમા ગરમાટો આવ્યો છે. છે. આ સાથે જ કોંગ્રેસના નેતા માણિકરાવ ઠાકરેએ કહ્યું કે, આ ગંભીર બાબત છે, તેની ચર્ચા કરવામાં આવશે અને આ રીતે આક્ષેપો કેમ કરવામાં આવ્યા છે, તેની પણ તપાસ કરવામાં આવશે. પરંતુ ભાજપના ઘણા નેતાઓએ આ મુદ્દો ઉઠાવ્યો છે. રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી અને ઠાકરે સરકાર વચ્ચેનો હોબાળો હવે ચરમ સીમા પર પહોંચી ગયો છે. હકીકતમાં, રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી શુક્રવારે એટલે કે ૧૨ ફેબ્રુઆરીએ મસૂરીમાં યોજાનારા લાલ બહાદુર શાસ્ત્રી એકેડેમીના વાર્ષિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે આજે સવારે ૧૧ વાગ્યે સરકારી ચાર્ટર્ડ પ્લેનથી રવાના થવાના હતા. પરંતુ જ્યારે કોશીયારી મુંબઈ એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે તેઓ તેમની ચાર્ટર્ડ પ્લાનમાં ૧૫ થી ૨૦ મિનિટ સુધી બેઠા. જ્યારે કોશ્યારીએ પાઈલટને ઉડાન ન કરવા પાછળનું કારણ પૂછ્યું ત્યારે પાયલોટે માહિતી આપી હતી કે તેમને હજી સુધી રાજ્ય સરકાર તરફથી ઉડાનની મંજૂરી મળી નથી. જે બાદ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી ચાર્ટર્ડ પ્લેન પરથી નીચે ઉતર્યા હતા. રાજ ભવનના એક અઠવાડિયા પહેલા રાજ્ય સરકારને સમગ્ર માહિતી મેલ દ્વારા જણાવી હતી. તેમ છતાં સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. જો રાજ્યપાલ કોઈ પણ પ્રવાસ પર જતા હોય ત્યારે વિમાન પ્રવાસ માટે મહારાષ્ટ્ર ઉડ્ડયન સત્તામંડળ પાસે પ્રવાશની માહિતી સાથે અરજી કરવામા આવે છે. મહારાષ્ટ્ર ઉડ્ડયન ઓથોરિટીના રાજ્યપાલ તેમની મુલાકાત અને તેમની અરજીની માહિતી મુખ્યમંત્રી કાર્યાલયને મોકલે છે. મુખ્યમંત્રી કાર્યાલય તે મુજબ મંજૂરી આપે છે અને હવાઈ મુસાફરીને મંજૂરી આપે છે. રાજ્યપાલે ગયા અઠવાડિયે તેમની મુલાકાત માટે મહારાષ્ટ્ર ઉડ્ડયન ઓથોરિટીને અરજી કરી હતી. આ માહિતી મુખ્યમંત્રી કાર્યાલયને આપવામાં આવી હતી. પરંતુ મુખ્યમંત્રી કાર્યાલયને દહેરાદૂનથી રાજ્યપાલની મુલાકાત માટે મંજૂરી મળી ન હતી. સૂત્રોએ જણાવ્યું છે કે મુખ્યમંત્રી કાર્યાલયએ ગઈકાલે રાજ ભવનને જાણ કરી હતી કે તેણે આ મુલાકાતને મંજૂરી આપી નથી. જ્યારે રાજ્યપાલ વિમાનમા બેસ્યા અને જાણ્યું કે કોઈ મંજૂરી આપવામા આવી નથી, ત્યાર બાદ બધે ફોનથી સંપર્ક સાધવાનું શરૂ કર્યુ હતુ.

## મોંઘી કારો ભાડા પર ચલાવવા લઈ હડપ કરનાર આરોપીની અટક : ૩૭ લાખની કિમતની પાંચ કાર જપ્ત



ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૧

એપીએમસી પોલિસે મોંઘી કાર કંપનીઓમા ચલાવવા માટી ભાડેથી લઈ હડપ કરનાર આરોપીની અટક કરીને તેની પાસેથી ૩૭ લાખ રૂપિયાની કિમતની પાંચ કાર જપ્ત કરી છે. નવી મુંબઈમા કોપરખૈરણમા રહેતા તેમજ લોન્ડ્રીનો વ્યવસાય કરનાર્શિશિર શશીધરન મેનન (૩૦) પાસેની મહીન્દ્ર એક્સયુવ્હી ૫૦૦ કાર આરોપી શેલ્ડન ફોંક વાઝ એ કંપનીમા કાર ચલાવવા માટે ભાડા પર લીધી હતી આરોપી વાઝે શરૂઆતના બે મહિના સમયસર કારનું ભાડુ આપ્યુ હતુ. ત્યાર બાદ તેનો પત્તો નહી લાગતા અને સંપર્ક નહિ સાધતા એપીએમસી પોલિસ સ્ટેશનમા આરોપી શેલ્ડન ફોંક વાઝ વિરુધ્ધ ૬ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ ગુનો નોંધાવ્યો હતો.પોલિસે તપાસ કરતા તેઓને જાણકારી મળી હતી કે અરોપી એપીએમસી નવી મુંબઈની શાકભાજી માર્કેટમા આવવાનો છે.પોલિસે જાળ બિછાળીને આરોપીની ૮ ફેબ્રુઆરીએ અટક કરી હતી.આરોપી પાસેથી પોલિસે ૩૭ લાખ રૂપિયાની કિમતની ૪ કાર અને એક સ્પોર્ટ બાઈક સહિત પાંચ વાહનો જપ્ત કરી છે.આરોપીની અટક થતા બે ગુના ઉકેલવામા આવ્યા છે.

# ૮ મહિનાની બાળકીને બે લાખમા વેચવાનો પ્રયાસ, પોલીસે બે મહિલા,ડોકટર સહિત ચારની ધરપકડ કરી

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૧

વિરારમાં માત્ર ૮ મહિનાની બાળકીને વેચવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. વિરાર પોલીસે બાળકો વેચતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે. તેમાં બે મહિલા તેમજ એક ડોકટરનો સમાવેશ થાય છે. પોલીસે વેચવાનો પ્રયાસ કરી રહેલી બાળકીને છોડાવી હતી અને તેને બાળ સારવાર કેન્દ્રમાં મોકલી આપી છે. વિરાર પોલીસની આ કામગીરીની તમામ સ્તરે પ્રશંસા થઈ રહી છે. આ બાળકીની વાર્તા સાંભળીને કોઈ પણ આશ્ચર્ય પામશે નહીં. કોરોનાના સંકટ દરમિયાન બાળકીની માતાનું લોકડાઉનમાં મૃ



ત્યુ થયું હતું. તેથી પિતા ચાલ્યા ગયા હતા. માતાના અવસાન પછી તેના સંબંધીઓ તેની સંભાળ લેતા હતા. પરંતુ વિરાર પોલીસને બાતમી મળી હતી કે આ ૮ મહિનાની બાળકીને વેચવાનો પ્રયાસ થઈ રહ્યો છે. બાતમી મળતાં પોલીસે આરોપીઓની ધરપકડ કરી છે. વિરાર પોલીસને બાતમી મળી હતી કે નારંગીમા રહેતી બે મહિલા સાથે એક ગેંગ ૮ મહિનાની બાળકીને વેચવા વિરાર વેસ્ટ બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવવાની છે. વરિષ્ઠ પોલીસ નિરીક્ષક સુરેશ વરાડે અને પોલીસ ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર વિવેક સોનાવણેના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચની ટીમે સોમવારે રાત્રે છટકું ગોઠવ્યું હતું. ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી જ્યારે બે મહિલા સહિત ચાર શંકાસ્પદ લોકોની ધરપકડ કરીને પૂછપરછ કરવામાં આવી હતી.વસઈ કોર્ટે ચારેય આરોપીઓને ૧૬ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં રાખ્યા છે. પોલીસે તુરંત ૯ મહિનાની બાળકીને છોડાવી, વિરાર પશ્ચિમ સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં પ્રાથમિક તબીબી તપાસ કરાવી અને વધુ સારવાર અને સંભાળ માટે તેને મુંબઈના અંધેરી સ્થિત બાળ સારવાર કેન્દ્રમા મોકલવામા આવી છે. વિરાર પોલીસની તકેદારીના પગલે એક બાળકીને બચાવી લેવામાં આવી છે. પોલીસ હવે તપાસ કરી રહી છે કે આ ટોળકીએ વધુ ગુના કર્યા છે કે કેમ.?

# 'અલ્લાહના ક્રોધ'નો ડર બતાવી રૂ .૧૭ લાખની છેતરપિંડી, બે ભોંદુબાબાની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૧

નાગરિકોની આસ્થાનો દુરુપયોગ કરીને તેમની સાથે છેડતી કરવાના અનેક કિસ્સાઓ છે. આને ધ્યાનમાં રાખીને, મેલીવિદ્યા વિરોધી કાયદા અસ્તિત્વમાં આવ્યા. જો કે, ત્યારથી, આ છેતરપિંડીઓ થઈ રહી છે. વસઈમાં પણ આવી જ એક ઘટના બહાર આવી છે. ભોંદુબાબા દ્વારા અલ્લાહના ક્રોધનો ડર બતાવી ૧૭ લાખ રૂપિયાની મત્તા ઉચાપત કરવામાં આવી છે. તેથી, મેલીવિદ્યા વિરોધી કાયદાઓને કડક અને અમલ કરવાની જરૂર છે. વિશ્વાસના નામે છેતરપિંડી અટકાવવા કડક કાયદા બનાવવામાં આવી રહ્યા છે. અંધશ્રદ્ધાના શિકાર ન બને તે માટે લોક જાગૃતિ લઈ અવવા અનેક પ્રયત્નો કરવામા આવ્યા છે.. જો કે, આ પછી પણ વસઈમાં



વાસ્તવિક તસવીર સામે આવી છે કે સમાજમાં હજી ઘણા લોકો ભોંદુગિરીનો શિકાર બની રહ્યા છે. એક ભોંદુબાબો અલ્લાહ તારા પર ગુસ્સે થશે એ ડર બતાવી એક જણની સાથે છેતરપિંડી કરી ૧૭ લાખની કિમતના સોનાના દાગીના સહિત રોકડ રકમ હડપ કરતા વસઈ પોલીસ સ્ટેશનમાં બે વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસમાં બંને આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા બંનેની ઓળખ મકસૂદ મોહમ્મદ હુસેન અન્સારી અને આસિફ ઈબ્રાહિમ મેમણ તરીકે થઈ હતી. બંને વસઈના પાપડી વિસ્તારના રહેવાસી છે. વસઈમાં ૪૯ વર્ષીય ઈલેક્ટ્રિશિયન અને પ્લમ્બિંગ કામદારના પુત્રને કોઈક પ્રકારની જાદુટેણાની ધમકી આપવામાં આવી હતી. ઘરમાંથી પૈસા અને સોના-ચાંદીના ઘરેણાં લાવો, નહીં તો તમે અલ્લાહ તારા પર ગુસ્સે થશો. આ વિનાશમાંથી બચાવવા માટે રૂ .૧૫ લાખ ૫૯ હજાર ૫૫૦ ની કિંમતના ૨૯.૬ તોલાના સોનાના દાગીના અને એક લાખ ૫૦ હજાર રૂપિયાની રોકડ રકમ લેવામાં આવી હતી. તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનું સમજાતાં પીડિતાનો પરિવાર તાત્કાલિક વસઈ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. આરોપીઓની પોલિસે અટક કરી છે.આરોપીઓ દ્વારા કેટલા લોકોની છેતરપિંડી કરવામાં આવી છે તેની તપાસ પોલીસ હવે કરી રહી છે.

## હાઈકોર્ટનો ઝાટકો : મીરા ભાઈંદર મહાનગર પાલિકાના નામાંકિત સભ્યોની નિમણૂક રદ કરવાના આદેશને રદ કરાયો

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૧

રાજ્યના શહેરી વિકાસ પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદેને મુંબઈ હાઈકોર્ટે આકરા પ્રહાર કર્યા છે. મીરા ભાયંદર પાલિકામાં પાંચેય નિયુક્ત નગરસેવકોની નિમણૂક સ્થગિત કરવાના એકનાથ શિંદેના આદેશને હાઈ કોર્ટે રદ કર્યો છે કારણ કે એક શિવસેનાના નિયુક્ત નગરસેવકની નિમણૂક રદ કરવામાં આવી હતી.. આ મામલે હાલમાં જસ્ટિસ આર.ડી. ધનુકા અને જસ્ટિસ વી.જી. બિશ્તી ખંડપીઠ સમક્ષ સુનાવણી કરવામાં આવી હતી. મીરા ભાઈંડર મહાનગરપાલિકામાં પાંચ નિયુક્ત નગરસેવકોની નિમણૂક સંદર્ભે મ્યુનિસિપલ કમિશનરે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ આદેશ આપ્યો હતો. તદનુસાર, ભાજપના અજિત પાટિલ, અનિલ ભોસાલે અને ભગવતી શર્મા સાથે શિવસેનાના વિક્રમ પ્રતાપ સિંહ અને કોંગ્રેસના શફીક અહેમદ ખાનની કમિશનરે ભલામણ કરી હતી. તે પછી, ૭ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ, મહાપાલિકાની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને વિક્રમ પ્રતાપસિંહ સિવાય અન્ય ચારની નિમણૂક પર મહોર લગાવી દેવામાં આવી હતી. વિક્રમસિંહ પ્રતાપ ફાઉન્ડેશનના અધ્યક્ષ છે, જેને લોકડાઉન દરમિયાન ફૂડ પેકેટ સપ્લાય કરવા પાલિકા દ્વારા કોન્ટ્રાક્ટ આપવામા હતો. તેથી, તેઓનુમ નગરસેઅક પદ માટે અરજીફોર્મ સ્વીકારવામા આવશે નહિ તેવ કારણ આપવામા અવ્યુ હતુ. શિવસેનાના કેટલાક કોર્પોરેટરોએ મંત્રી એકનાથ શિંદે પાસે ફરિયાદ નોંધાવ્યા બાદ શિંદેએ તુરંત જ પાંચેય નિમણૂકોને સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો. ભાજપના કોર્પોરેટર અને જૂથ નેતા હસમુખ ગેહલોત,ભુતપુર્વ નગરસેવક ભગવતી શર્મા અને રિટાયર્ડ પાલિકાના અધિકારી અજીત પાટીલ દ્વારા પ્રધાનના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. આ કેસની સુનાવણી બાદ હાઈકોર્ટે એકનાથ શિંદેના ગેરકાયદેસર જાહેર કરાયેલા આદેશને રદ કર્યો હતો. તેમજ મંત્રીએ આ મામલે પુનર્વિચાર કરવો અને સંબંધિત ફરિયાદી અને કોર્પોરેટરોની સુનાવણી કર્યા પછી આઠ અઠવાડિયામાં યોગ્ય નિર્ણય લેવો. વળી, જો કોઈ પણ પક્ષ ઓર્ડર સામે વાંધો ઉઠાવશે, તો તેનો અમલ ચાર અઠવાડિયા સુધી થવો જોઈએ નહીં, 'હાઈકોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટતા કરી છે.

## ગોવંડીમાં ઘરના છાપરાને થયેલા નુકસાનને મુદ્દે વિવાદે યુવકની હત્યા

### કેસમા પકડેલ બે આરોપીની નિર્દોષ છોડયા એકને આજીવન કેદ

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૧

ગોવંડીના ઈન્દિરાનગરમાં ઘરના છાપરાને થયેલા નુકસાનને મુદ્દે વિવાદ થયા બાદ યુવકની હત્યા કરી ફરાર થયેલા આરોપીને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે પાંચ વર્ષ બાદ સુરતથી ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીની ઓળખ શાહીદ શમશેર શેખ (૩૪) તરીકે થઈ હોઈ તેને બાદમાં શિવાજીનગર પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. ગોવંડી ખાતે ઈન્દિરાનગરમાં ૮ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ બકરઅલી શેખ (૨૦)ની હત્યા કરવામાં આવી હતી. વીજચોરી કરવા માટે આરોપી છાપરા પર ચડ્યો હતો, જેને કારણે બકરઅલીના ઘરના છાપરાને નુકસાન થયું હતું. આ અંગે પૂછવા જતાં ચાર આરોપીએ બકરઅલીની મારપીટ કરી હતી અને ખંજરના ઘા ઝીંકી તેની હત્યા કરી હતી. શિવાજીનગર પોલીસે આ પ્રકરણે ચાર જણ વિરુદ્ધ ગુનો નોંધીને ત્રણની ધરપકડ કરી હતી, જ્યારે શાહીદ શેખ ફરાર હતો. આ કેસમાં બે આરોપીને સેશન્સ કોર્ટે પુરાવાને અભાવે નિર્દોષ છોડ્યા હતા, જ્યારે આરોપીને કોર્ટે દોષી ઠેરવી આજીવન કારાવાસની સજા ફટકારી હતી.

## એનસીબીએ કુર્લામાં લગ્નના મંડપમાંથી ડ્રગનો વેપાર કરતા વરરાજાની ધરપકડ કરી

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૧

એનસીબીએ એક મોટા ડ્રગ વેપારીની ધરપકડ કરી છે. કેટલાક દિવસો પહેલા એનસીબીએ બબલુ પટરી નામના ડ્રગ વેપારીની ધરપકડ કરી હતી. તેની પૂછપરછ દરમિયાન એક આરોપીનું નામ જાહેર થયા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. મુખ્ય વાત એ છે કે ધરપકડ કરાયેલ ડ્રગ પેડલર લગ્ન કરી રહ્યો હતો. તે લગ્નના મંડપમાંથી તેને તાબામાં લેવામાં આવ્યો છે. સામાન્યપણે વરરાજાની ઉપસ્થિતી માંડવામાં હોવી જોઈએ. જો કે તે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના વાહનમાં છે. એનસીબી અધિકારીઓ દ્વારા કન્યાને લગ્નથી દૂર કરવામાં આવી છે. તે લગ્નના મંડપમાંથી તાબામા લેવામાં આવ્યો છે. તે એક મોટો ડ્રગ્સ સપ્લાયર છે. એનસીબીના મુંબઈ યુનિટના અધિકારીઓએ૮ ફેબ્રુઆરીએ કુર્લામાં મોટું ઓપરેશન શરૂ કર્યું હતું. અધિકારીઓએ ઝાકિર હુસેન શેખ ઉર્ફે બબલુ પટરીની ધરપકડ કરી હતી. ઓપરેશન દરમિયાન ૨૦ કિલો કોડીન ઉધરસ માટેનો સિરપ, ૫૬ ગ્રામ એમડી, ૪૫૦ ગ્રામ ગાંજો વગેરે કબજે કર્યા છે. આ દવાઓ ઝકીર હુસેન અબ્દુલ રહેમાન ઉર્ફે બબલુ પટરી અને તેના સાથી શહાબ મુલ્લા પાસેથી મળી આવી હતી. બબલુ પટરી મોટી માત્રામાં પોલી ડ્રગ્સ સપ્લાય કરતો હતો. તે બાન્દ્રા, કુર્લા અને દક્ષિણ મુંબઈ વિસ્તારમાં ડ્રગ સપ્લાય કરતો હતો. તેની પાસેથી એક કાર પણ કબજે કરવામાં આવી છે. આ કારનો ઉપયોગ ડ્રગ્સ સપ્લાય કરવા માટે કરવામાં આવતો હતો. બબલુ એક મોટો મકાનમાલિક છે. તેની કુર્લા વિસ્તારમાં મોટી દહેશત છે. આવા મોટા ડ્રગ પેડરોની ગેંગ ચલાવનાર બબલુને આ ડ્રગ્સ સપ્લાય કરવામા આવતુ હતુ. લગ્ન મંડ્પમાથી તાબામા લેવામા આવેલ ડ્રગ્સ પેડલર દ્વારા બબલુના કબજામાંથી મળી આવેલી કોડીન દવાઓ સપ્લાય કરવામા આવી હતી.. અલબત્ત આ એક મોટો ડ્રગ સપ્લાયર છે.

## ડોનાલ્ડ ટ્રમ્પનું ટ્વિટર પર કમબેક મુશ્કેલ : એકાઉન્ટ પર બેન કાયમી યથાવત રહેશે

(જી.એન.એસ)વૉશિંગ્ટન,તા.૧૧

માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટરે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સત્તાવાર ટ્વિટર હેન્ડલને લઈને મહત્વની જાહેરાત કરી છે. હવે ડોનાલ્ડ ટ્રમ્પનું ટ્વિટર પર કમબેક કરવું મુશ્કેલ જણાઈ રહ્યું છે. ટ્વિટરે જમાવ્યું છે કે તે ડોનાલ્ડ ટ્રમ્પના એકાઉન્ટ પર મૂકાયેલો પ્રતિબંધ કોઈ કાળે હટાવી શકે તેમ નથી. ટ્વિટરના સીએફઓ નેડ સેગલના મતે જો ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણી લડે છે તો પણ તેમના એકાઉન્ટ ઉપર લગાવાયેલો પ્રતિબંધ હટશે નહીં. ડોનાલ્ડ ટ્રમ્પના એકાઉન્ટ પર હાલ હંગામી પ્રતિબંધ લાગુ કરોય છે. સેગલે એક ઈન્ટરવ્યૂ દરમિયાન આ વાત જણાવી હતી.

## ઓએલએક્સ પર લેપટોપ વેચવા માટે જાહેરાત કરનાર સાથે છેતરપિંડી

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૧

ઓએસએલ વેબસાઈટ પર વેચવા માટે આશરે અઢી લાખ રૂપિયાના લેપટોપ સાથે ફરાર થવા બદલ કાસારવડવલી પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓમાં પીટર સંચેઝ (૩૦) અને સિદ્ધેશ સાવંત (૩૦) છે. ઘોડબંદરમાં રહેતા પ્રકાશ હેગડેનો દીકરો શિક્ષણ માટે વિદેશ જઈ રહ્યો હતો, ત્યારે તેણે પોતાનો નવુ નક્કોર લેપટોપ બે લાખ ૩૦ હજાર રૂપિયામાં વેચવા માટે ઓએલએક્સ પર લેપટોપના વેચાણની જાહેરાત કરી હતી. વેબસાઈટ પર પીટર અને સિદ્ધેશ લેપટોપ જોયા પછી તેઓએ હેગડેનો સંપર્ક કર્યો. હતો.ત્યારબાદ પીટર અને સિદ્ધેશ બંને લેપટોપ જોવા થાણે આવ્યા. લેપટોપ તેઓને પસ્સંદ પડતા હેગડેને બે લાખ ૩૦ હજાર રૂપિયાનો ચેક આપ્યો હતો.હેગડેનો દીકરો બંનેને સાથે લઈને ચેક વટાવવા બેંકમાં લઈ ગયો.હતો. તેઓ બેંક પાસે આવ્યા ત્યારે પીટર અને સિદ્ધેશ તેનું લેપટોપ લઈને બેંકની બહાર ઉભા હતા, જ્યારે હેગડેનો પુત્ર બેંકમાં ગયો હતો. જોકે, બેંક અધિકારીઓએ કહ્યું કે આ ચેક બનાવટી છે, હેગડેનો પુત્ર પીટર અને સિદ્ધેશ તેમના લેપટોપ લઈને ત્યાંથી નાસી ગયા હતા. તેની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનું માલુમ પડતાં હેગડે કાસારવડવલી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો હતો. કાસારવડવલી પોલીસે કેસની તપાસ માટે એક ટીમની નિમણૂક કરી હતી.. ટેકનીકી વિશ્લેષણના આધારે પોલીસે તપાસ કરી અને પીટરની ધરપકડ મુંબઈના માલવાણીથી કરી હતી. પુછપરછ દરમિયાન સિદ્ધેશ વિશે પણ પોલીસને માહિતી આપી હતી. બાદમાં પોલીસે સિદ્ધેશની અંધેરીથી ધરપકડ કરી હતી. પોલીસે આ બંનેની ધરપકડ કરી બે લાખ ૩૦ હજાર રૂપિયાની કિમતનું લેપટોપ અને ગુનામાં વપરાયેલ મોબાઈલ ફોન કબજે કર્યા છે.

## દિયરે ઘેનયુક્ત પીણુ પિવડાવી બળાત્કાર ગુજાર્યો, એમએમએસ બનાવી પિડીતાના પતિને મોકલ્યો

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૧

ઘણા લોકો કહે છે કે જ્યારે કોઈ મહિલા ઘરની બહાર નીકળી જાય છે, ત્યારે તેને જોખમમાં મૂકવામાં આવે છે અને તેની સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. પરંતુ ઘરે પણ, ચિત્ર ઘણીવાર હોય છે કે સ્ત્રીઓ સલામત નથી. હવે આવી જ એક ઘટના પ્રકાશમાં આવી છે. એક મહિલા પર તેના પિતરાઈ દિયર દ્વારા બળાત્કાર ગુજાર્યો છે. આ માટે. તેણે તેણીને શેરડીના રસમા ઘેનની દવા મિક્સ કરી પિવડાવ્યો હતો.ત્યાર બાદ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ તમામ ઘટનાનું તેણે વીડિયો શૂટિંગ કર્યું અને પીડિત મહિલા, તેના પતિ, અન્ય સંબંધીઓ અને મિત્રો સાથે મોકલી આપ્યો. આ પ્રકારનો ચીખલી પોલીસ સ્ટેશનની હદમાં મળી આવ્યો છે. આ ઘટના ૨૮ જાન્યુઆરીથી ૮ ફેબ્રુઆરીની વચ્ચે બની હતી. પીડિતા ૩૦ વર્ષની છે. મહિલાએ મંગળવારે ચીખલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પિતરાઈ ભાઈ ડીરા સામે ગુનો નોંધ્યો છે. વરિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર સતીષ માનેના જણાવ્યા મુજબ ફરિયાદીનો પતિ સાથે ઝઘડો થયો હતો. તેથી આ મહિલા અલગ રહેતી હતી. આરોપી મહિલાના ઘરે આવ્યો હતો તેને શેરડીનો રસ પીધા તે બાદ બેહોશીમા આ ભયાનક કૃત્યનું વિડિઓ શૂટિંગ કર્યું. ત્યારબાદ તેણે મહિલાને તેના પતિ, સંબંધીઓ અને મિત્રો સાથે મોકલી હતી. આ ભયાનક પ્રકારની ચર્ચા હાલમાં આસપાસના વિસ્તારના લોકોમાં છે. તેમણે કહ્યું કે, પોલીસ વધુ તપાસ કરી રહી છે અને અમે જલ્દીથી આરોપીની ધરપકડ કરીશું.

## સોનાના વાયદાના ભાવમાં રૂ.૭૨ અને ચાંદીમાં રૂ.૭૭નો ઘટાડો

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૧

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૬૨૮૮૦ સોદામાં રૂ.૧૦૨૦૧.૯૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૭૭નો ઘટાડો થયો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો વાયદો ઘટવા સામે નેચરલ ગેસમાં વૃદ્ધિ રહી હતી. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ, રબર અને મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારાનો સંચાર થયો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૯૬૦૨ સોદાઓમાં રૂ.૪૬૮૧.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૮૩૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૦૪૫ અને નીચામાં રૂ.૪૭૭૨૭ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૨ ઘટીને રૂ.૪૭૯૪૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૬ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૮૨૮૧ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૭૬૫ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩ ઘટીને બંધમાં રૂ.૪૭૮૦૦ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૨૭૦ અને નીચામાં રૂ.૬૮૧૮૯ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૭ ઘટીને રૂ.૬૮૮૪૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૮૪ ઘટીને રૂ.૬૮૭૮૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૯૦ ઘટીને રૂ.૬૮૭૭૩ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૩૦૩૬ સોદાઓમાં રૂ.૨૬૬૯.૧૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૨૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૨૬૨ અને નીચામાં રૂ.૪૨૪૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૭ ઘટીને રૂ.૪૨૪૮ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૧૬૨ સોદાઓમાં કુલ રૂ.૨૬૨.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૩૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૪૫૦ અને નીચામાં રૂ.૨૧૩૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ વધીને રૂ.૨૧૪૨૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૯૩.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૭ વધીને બંધમાં રૂ.૧૦૦૭.૬ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૫૮.૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૭.૫ અને નીચામાં રૂ.૯૫૬ રહી, અંતે રૂ.૯૬૨.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૨૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૨૮ અને નીચામાં રૂ.૧૨૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩ વધીને રૂ.૧૨૨૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૬૫૬૨ સોદાઓમાં કુલ રૂ.૨૦૪૦.૪૨ કરોડ ની કીમતનાં ૪૨૬૦.૯૨૬ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૩૦૪૦ સોદાઓમાં કુલ રૂ.૨૬૪૧.૫૧ કરોડ ની કીમતનાં ૩૮૪.૧૪ ટન, ક્રૂડ તેલમાં ૧૦૩૫૬ સોદાઓમાં રૂ.૬૪૬.૫૭ કરોડનાં ૧૫૨૦૯૦૦ બેરલ્સ, કોટનમાં ૩૯૬ સોદાઓમાં રૂ.૪૪.૬૪ કરોડનાં ૨૦૭૫૦ ગાંસડી, સીપીઓમાં ૧૬૯૬ સોદાઓમાં રૂ.૨૧૪.૧૭ કરોડનાં ૨૧૫૦૦ ટન, મેન્થા તેલમાં ૨૨ સોદાઓમાં રૂ.૨.૯૧ કરોડનાં ૩૦.૨૪ ટન, કપાસમાં ૧૬ સોદાઓમાં રૂ.૪૧.૬૦ લાખનાં ૬૮ ટનના વેપાર થયા હતા.

# બિલ્ડર અથવા તેના ભાઈને પતાવી દેવા ભૂમાફિયાએ આપી હતી સોપારી

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગરના ઈવાપાર્કમાં બિલ્ડર પર બે સપ્તાહ પૂર્વે બિલ્ડર પર ફાયરીંગ થયું હતું. જેમાં રિમાન્ડ પર રહેલાં સાત આરોપીએ ફરિયાદી અથવા તેના ભાઈને પતાવી દેવા માટે રૂા. ૩૦ લાખમાં ભૂમાફિયાએ સોપારી આપ્યાની કબુલાત મળી છે. જેમાંથી રૂા. પાંચ લાખ અમદાવાદથી મોકલાયા હોવાનું અને યુપીના બે શખ્સે ફાયરીંગમાં ભાગ ભજવ્યાનું બહાર આવ્યું છે. પોલીસની ટુકડી યુપી ધસી ગઈ છે. જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા ઈવા પાર્કમાં બિલ્ડર જયસુખ ઉર્ફે ટીનાભાઈ પેઢડીયા પર બે બાઈકમાં ધસી આવેલા ચાર શખ્સે બે સપ્તાહ પહેલાં ફાયરીંગ કર્યું હતું. જેમાંની એક ગોળી ટીનાભાઈના જમણા જડબામાં ઘૂસી ગઈ હતી. સારવારમાં ખસેડાયેલા આ યુવાન પર શસ્ત્રક્રિયા કરવી પડી હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો ધસી આવ્યો હતો. ઈજાગ્રસ્તના ભાઈ હસમુખ પેઢડીયાની ફરિયાદ પરથી પોલીસે કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલે સોપારી આપી ફાયરીંગ કરાવ્યું હોવાનો ગુન્હો નોંધ્યો હતો અને એલસીબીએ એક ટાબરીયા સહિત સાત શખ્સની ધરપકડ કરી હતી. તે પછી ભરત ચોપડા ઉર્ફે કચો નામના શખ્સની પણ ધરપકડ થઈ હતી. પોલીસે આરોપી મયુર હાથલીયા, સુનિલ કણઝારીયા, દિપ હડીયા, કરણ કેશરીયા, ભીમશી કરમુર વગેરેને દસ દિવસના રિમાન્ડ પર લીધા હતાં. ભૂમાફિયા પાસેથી સોપારી મેળવનાર ભરત ઉર્ફે કચાએ સોપારી પેટે રૂા. પાંચ લાખ એડવાન્સ ચૂકવાયા હોવાની કબુલાત આપી છે. લાંબા સમયથી ભરત તથા જયેશ પટેલ વોટ્સએપ કોલીંગથી સંપર્કમાં હતાં અને જયેશે બિલ્ડર ટીનાભાઈ અથવા તેના ભાઈ હસમુખ બેમાંથી એકને પતાવી દેવાની રૂા. ૩૦ લાખમાં સોપારી આપી હતી. તેમ કબુલાત મળવા પામી છે. એડવાન્સ ચૂકવાયેલી રૂા. પાંચ લાખની રકમ અમદાવાદથી આવી હોવાનું અને ફાયરીંગ માટે ઉત્તરપ્રદેશથી મૂનીરામ અને પંકજ નામના બે શખ્સ આવ્યા હોવાની રિમાન્ડ પર રહેલા આરોપીઓએ કબુલાત આપતા પોલીસની એક ટુકડી યુપી દોડી ગઈ છે. આ કેસમાં સોપારી આપનાર જયેશ સહિત હજુ છ શખ્સને પકડવાના બાકી છે.

# જૂનાગઢમાંથી ફરાર આરોપીને પોલીસે ઝડપી પાડી ઉપલેટા પોલીસને સોંપ્યો



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢ જીલ્લાના નાયબ પોલીસ મહાનીરીક્ષક મનિન્દર પ્રતાપસિંહ પવાર તથા પોલીસ અધિક્ષક રવિતેજા વાશમશેટ્ટીની સૂચનાને ધ્યાને લઈ તાજેતરમાં યોજાનાર ચુંટણી અનુસંધાને નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે. જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક પી.જી. જાડેજાના માર્ગદર્શન હેઠળ જુનાગઢ બી.ડીવી.પો.સ્ટે.ના પો. ઈન્સ. આર .બી. સોલંકીની સુચના મુજબ જીલ્લાના તથા જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અંગે આરોપીઓ ઉપર ખાસ વોચ રાખી પકડી પાડી કાર્યવાહી કરવા સુચના કરેલ.અને આ સૂચના નું સારી રીતે પાલન કરવા મુકેશ મકવાણા , રઘુવીર વાળા વિપુલભાઇ ડાંગર અને પો.સબ.ઈન્સ એ કે પરમાર તથા ગુહા નિવારણ સ્કોડના પો. કોન્સ પરેશભાઇ હુણ, કલ્પેશભાઇ ચાવડા મુકેશભાઇએ નાસતા ફરતા આરોપી પુસુફ ઉર્ફે સમીર ઉર્ફે રાધે હનીફભાઇ સમા જાતે- જુનાગઢ રેલ્વેસ્ટેશન સામે બુગદામાં વાળાને હસ્તગત કરી ઉપલેટા પોસ્ટ.ના સ્ટાફને સોપી આપેલ હતો.

# સુત્રાપાડા તાલુકા પંચાયતના કોંગી ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી



ચક્રવાત ટીમ સુત્રાપાડા, તા.૧૧

સુત્રાપાડા તાલુકા પંચાયત ની ૧૮ સીટ માથી આજે કોંગ્રેસ પાર્ટી તરફ થી ૬ ફોમ ભરાયા જેમાં સુત્રાપાડા તાલુકા પંચાયત ૬ ફોમ અને જિલ્લા પંચાયત મા બે ફોમ આજે ભરાયા પીપળવા-સવીબેન ભગવાનભાઈ વાજા,પ્રાંસલી-નાનુભાઈ ભીખાભાઈ વાઢેર,લોઢવા- રામભાઇ સામંતભાઈ વાળા,પ્રશ્નાવડા-કુસુમબેન રામસિંગભાઈ જાદવ,થરેલી-લાભુબેન રામભાઈ બાંભણીયા,વડોદરા જાલા- ગટુરભાઈ મુળાભાઈ મારૂ જયારે લોઢવા બેઠક માટે જયાબેન જાદવભાઈ ભોળા કદવાર-દક્ષાબેન કિરણભાઈ વાજા આમ સુત્રાપાડા તાલુકાની જિલ્લા પંચાયત ની ચાર સીટ માં આજે બે ફોમ ભરાયા આ બંને ફોમ કોંગ્રેસ પાર્ટી તરફથી ભરાયા.

# જામનગર ખાતે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગર મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત લાખોટા તળાવ ખાતે યોગ નિદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં યોગશિક્ષકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં યોગ નિદર્શન કરી શરીર અને મનને તંદુરસ્ત રાખવાની સાથે તંદુરસ્ત લોકશાહીના નિર્માણ માટે મતદાન કરવા મતાધિકારનો સદઉપયોગ કરવાલોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આ તકે'હું અવશ્ય મતદાન કરીશ' અંગેના શપથ લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વીપના નોડલ અને જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા, જિલ્લા શિક્ષણાધિકારી એસ. એલ.ડોડીયા, શિક્ષણ નિરીક્ષક બીનાબેન દવે, મધુબેન ભટ્ટ અને સ્વીપના સભ્યો અને યોગ નિદર્શકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# જામનગર ૧૦૮ના ઓપરેશન હેડ સતીષ પટેલે જી.જી. હોસ્પિટલની મુલાકાત લીધી



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

લોકડાઉનમાં અકસ્માતના કેસમાં ઘટાડો આવ્યો હતો, ત્યારે ફરી લોકડાઉન હળવું થતા કેસમાં વધારો થયો છે. રાજ્યમાં રોજ ૩૫૦ જેટલા અકસ્માતના બનાવો બને છે જ્યારે ૩ હજારથી ૩,૨૦૦ ઈમરજન્સી કેસ નોંધાઈ રહ્યા છે. મહિનમાં એક લાખ જેટલા ઈમરજન્સીના કેસો રાજ્યમાં નોધાઈ રહ્યા છે. જેમાંથી પ્રસૂતિના કેસ ૩૫ ટકા હોય છે. ૧૦૮ના સ્ટાફે કોરોના વેક્સિન લીધી. જામનગરમાં ૧૦૮માં ફરજ બજાવતા તમામ કર્મચારીઓએ કોરોના વેક્સિન લીધી છે. ઉલ્લેખનીય છે કે, ૧૦૮ના કર્મચારીઓ કોરોનાના દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડતા હોય છે ત્યારે અન્ય ૧૦૮ના કર્મચારીઓ પણ કોરોનાગ્રસ્ત બન્યા હતા. અકસ્માતના કેસ ઓછા કરવા માટે લોકોએ કાયદાનું પાલન કરી વાહન ચલાવવું જોઈએ ૧૦૮ના ઓપરેશન હેડ સતીશ પટેલે લોકોને અપીલ કરી છે કે, લોકો સાવધાનીથી વાહન ચાલવે અને રાજ્ય સરકારના તમામ કાયદાઓનું સંપૂર્ણ પાલન કરે. બેફામ વાહન ચલાવનારા સામે પગલાં પણ લેવામાં આવી રહ્યા છે.

(અનુસંધાન પાના નં.૩ થી ચાલુ)

## મીઠી ખારેકો.....

બીજાની બહેન દિકરીઓ પત્નીઓનો ઉપભોગ કરનારા નેતા હોય કે કોઈપણ જે લોકો મીઠી ખારેકની પ્રવૃત્તિ કરી છે તેનું રાજકારણ અને અંગત જીવનમાં મોટી નુકસાની ભોગવતા હોય છે, ફલાણી મીઠી ખારેક હોવાની ઉપજાવી કાઢેલી વાતો કરીને એક સાથે કામ કરતી મહિલાઓ એકબીજાને બદનામ કરીને આગળ વધવાની પ્રવૃત્તિ પણ કરતી હોવાથી ઘણીવાર નિર્દોષ અને પવિત્ર મહિલાઓ સામે શંકાસ્પદ નજરે જોવાય છે, રાજકીય પક્ષોમાં ચાલતી આવી હિન પ્રવૃત્તિઓનું કારણ મહિલા મોરચાઓની ખોટી પદ્ધતિ છે મહિલાઓને પુરુષ નેતાઓની નીચે ગુલામ જેવી સ્થિતિ છે, સમાજની દરેક વ્યવસ્થામાં અડધી મહિલાઓ અને અડધા પુરુષો છે મતદાનમાં પણ અડધી મહિલાઓ અને અડધા પુરુષો છે, તેથી મહિલા મોરચાઓની સ્વતંત્ર વ્યવસ્થા દરેક પક્ષમાં હોવી ફરજીયાત બનતી જાય છે, મહિલા મોરચાઓને સ્વતંત્ર સતાઓ અને સ્વતંત્ર વ્યવસ્થા આપવી જરૂરી છે. મહિલાઓની ટીકીટો અને સંઘઠનના હોદાઓ માટે પુરુષ નેતાઓની ગુલામી કરવા જેવી હાલત છે જેના પરીણામે મીઠી ખારેકની પ્રવૃત્તિ વધતી રહી છે. પ્રમાણિક, પવિત્ર મહિલા સશક્તિકરણ માટે રાજકીય પક્ષોમાં મહિલા વિભાગ સ્વતંત્ર બનાવવો પડશે, મહિલાઓને સ્વતંત્ર સતાઓ આપવી પડશે અને આજે રાજકીય પક્ષો જો સત્વરે સુધારો કરશે નહીં તો નજીક ભવિષ્યમાં સજ્જન, પવિત્ર મહિલાઓ રાજકીય સામાજીક સેવાઓથી દુર ભાગશે અને માત્ર ચરિત્રહિન મીઠી ખારેકોથી પુરુષપ્રધાન રાજકીય પક્ષો ચાલશે જેનું ઘાતક પરીણામ સમગ્ર સમાજ વ્યવસ્થા ઉપર પડશે, મીઠી ખારેકો અને ચરિત્રહિન પ્રવૃત્તિઓ સાચી હોય કે ખોટી હોય પણ નાબુદ કરવી જરૂરી છે એ માટે પક્ષમાં મહિલા મોરચાને સ્વતંત્ર સતાઓ અને સ્વતંત્ર હોદાઓ આપવાની માંગણી રાજકીય મહિલાઓ દ્વારા ઉઠાવવામાં આવી રહી છે.

# બંગાળમાં જય શ્રી રામ નહી બોલાય તો શું પાકિસ્તાનમાં બોલાશે?: અમિત શાહ

(જી.એન.એસ)અમદાવાદ,તા.૧૧

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીને લઈને ગરમાવો હવે ચરમ સીમા પર છે. રાજ્યની મમતા સરકારને પડકાર કરી રહેલ ભાજપે આજથી રાજ્યમાં પોરિબોર્તન યાત્રા શરૂ કરી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે પશ્ચિમ બંગાળના કૂચબિહારમાં ભારતીય જનતા પાર્ટીની પોરિબોર્તન યાત્રાને લીલી ઝંડી બતાવી હતી. અમિત શાહે અહીં મમતા બેનર્જી પર જોરદાર પ્રહાર કર્યા અને કહ્યું કે મમતા જય શ્રી રામના નારા લગાવવા ગુનો લાગે છે. અમિત શાહે કહ્યું કે મમતા બેનર્જી ચૂંટણીના અંતમાં જય શ્રી રામ પણ બોલશે. મમતા બેનર્જી આ કામ ફક્ત એક સમુદાયના મત મેળવવા માટે કરે છે. ગૃહમંત્રીએ કહ્યું કે ભાજપ રાજ્યમાં ચૂંટણી જીત્યા બાદ આગામી ૫ વર્ષમાં સોનાર બંગાળ બનાવી દેશે.

અમિત શાહે કહ્યું વધુમાં કહ્યું કે, બંગાળમાં ગુંડાઓના આધારે મમતા બેનર્જી ચૂંટણી જીતે છે. જો જય શ્રી રામ બંગાળમાં નહીં બોલે તો શું તે પાકિસ્તાનમાં બોલશે? અમિત શાહે કહ્યું કે મમતા બેનર્જી ચૂંટણીના અંતમાં જય શ્રી રામ પણ બોલશે. મમતા બેનર્જી આ કામ ફક્ત એક સમુદાયના મત મેળવવા માટે કરે છે. ગૃહ પ્રધાન અમિત શાહે જાહેરાત કરી હતી કે, ભાજપ સરકાર બનતાની સાથે જ એક અઠવાડિયામાં બંગાળમાં આયુષ્માન ભારત યોજના લાગુ કરવામાં આવશે. મમતા અને તેના ભત્રીજા મે પછી કેન્દ્રની યોજનાઓનો અમલ અટકાવી શકશે નહીં. ગૃહમંત્રીએ કહ્યું કે હું તૃણમૂલના નેતાઓને સાંભળી રહ્યો છું, તેઓ કહેતા હતા કે પોરિબોર્તન યાત્રા કેમ નીકળી રહ્યા છો, સારું તો ચલી રહ્યું છે.

# મોડપરમા બાળક પર સિમેન્ટનું ભુંગરૂ પડતા મૃત્યુ

## છત્તર ગામમાં કેન્સરની બીમારી સબબ આધેડનો ભોગ લેવાયો

ચક્રવાત ટીમ ધ્રોલ, તા.૧૧

ધ્રોલના મોડપર ગામમાં ઘર પાસે રમી રહેલા બાળક પર સિમેન્ટનું ભુંગરુ પડતા ઈજા સબબ સારવારમાં મૃત્યુ નીપજ્યું હતું અને કાલાવડના છતર ગામના આધેડનું કેન્સરની બીમારી સબબ મૃત્યુ નિપજયું છે. ધ્રોલ તાલુકાના મોડપર ગામમાં રહેતા કિશોરભાઈ પાલાભાઈ મકવાણાનો છ વર્ષનો પુત્ર હેમંત ગત તારીખ ૯ ના રોજ પોતાના ઘરના આંગણામાં રમતો હતો અને રમતા રમતા બાળક પર સિમેન્ટનું ભૂંગળું પડતા ઈજા થઈ હતી, આથી સારવારમાં લઈ જતા હતા જ્યાં સારવાર દરમ્યાન મૃત્યુ નિપજયું હતું. આ અંગે કિશોરભાઈ દ્વારા ધ્રોલ પોલીસમાં ગઈ કાલે જાણ કરવામાં આવી હતી.

બીજા બનાવમાં કાલાવડ તાલુકાના છતર ગામમાં રહેતાં હનીફભાઈ હબીબભાઈ લાખાણી ઉંમર ૪૭ ને છેલ્લા એકાદ વર્ષથી કેન્સરની બીમારી હોય અને ગઈકાલે તબિયત બગડતાં સારવારમાં તેમનું મૃત્યુ નિપજ્યાનું નુરમામદ ભાઈ દ્વારા કાલાવડ ગ્રામ્ય પોલીસમાં જાણ કરવામાં આવી હતી.

# શિવ શોભાયાત્રાના આયોજન માટે તા.૧૩ના રોજ મિટીંગ

## મહાદેવહર મિત્ર મંડળ ચેરી. ટ્રસ્ટ દ્વારા તમામ જ્ઞાતીમંડળો, સામાજીક સંસ્થા અને ધાર્મિક સંસ્થાના વડાઓની બેઠક

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

આગામી તા. ૧૧ માર્ચના રોજ મહાશિવરાત્રીનું પર્વ આવતું હોય, તેની તૈયારીના ભાગપે તા. ૧૩ ના રોજ રાત્રે ૮ વાગ્યે રામદુત હનુમાન મંદિર, ગૌરી શંકર મહાદેવ મંદિર પાછળ, પંચેશ્વર ટાવર ખાતે એક મહત્વની મિટીંગ રાખવામાં આવેલ છે. આ મિટીંગમાં તમામ સંગઠન મંડળ, જ્ઞાતી મંડળ, ગરબી મંડળ, સામાજીક સંસ્થા, સમસ્ત ધાર્મિક સંસ્થા અને ધર્મપ્રેમી ભાઈઓને ઉપસ્થીત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે, મિટીંગમાં કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરી માસ્ક પહેરીને આવવા મહાદેવ હર મિત્રમંડળ ચેરી. ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ મહાદેવની યાદીમાં જણાવાયું છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી અંગે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટની સત્તાનો હુકમ

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૧૧

દેવભૂમિ દ્વારકા જિલ્લા તથા તાલુકા પંચાયત અને નગરપાલીકાની સામાન્ય ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૮-૦૨-૨૦૨૧ના રોજ થનાર છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજયના એકમ હેઠળના વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલીકાની સામાન્ય ચૂંટણીના કામે ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, જુદા જુદા વિસ્તારોના ઝોનલ ઓફિસર તરીકે નિયુકત કરેલા અધિકારીઓ-કર્મચારીઓ પૈકી જે અધિકારી-કર્મચારીને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલ નથી. તેમને ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સરકારના ગુહ વિભાગના જાહેરનામા મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના અધિકારો મળવાપાત્ર થાય છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.નરેન્દ્રકુમાર મીનાએ એક હુકમ કરી, આગામી તા.૨૪ થી તા.૨ માર્ચ સુધી ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે તથા સદરહુ અધિનિયમ તળે સત્તાઓ આપી છે. જેમાં કલમ-૪૪ હેઠળ મેજિસ્ટ્રેટે પકડવા બાબત, કલમ-૧૦૩માં પોતાની હાજરીમાં જડતી લેવાની મેજિસ્ટ્રેટની સત્તા, કલમ-૧૦૪માં થયેલા દસ્તાવેજ વિગેરે કબજે લેવાની સતા, કલમ-૧૨૯માં મુલકી દળનો ઉપયોગ કરીને મંડળીઓ વિખેરવા બાબત. કલમ-૧૪૪ સાસદાયક બાબતો કે ભયના સંદેહના તાકીદના સંજોગોમાં હુકમ કરવાની સતાઓ આપવામાં આવશે.

# જી.જી. હોસ્પિટલ નજીક બાઈકની ઠોકરે વૃદ્ધને ઈજા




ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગરના જીજી હોસ્પિટલ રોડ પર મોટરસાઈકલની ઠોકરે વૃદ્ધને ઈજા પહોંચી હતી, જ્યારે સોયલ ટોલનાકા પાસે ટ્રકે બાઈકને ઠોકર મારતા બે મિત્રો ઘવાયા હતા. જામનગરના હિંમતનગર શેરી નંબર ૪ માં રહેતા ચિંતનભાઈ મહેશભાઈ કલોલા ઉંમર વર્ષ ૩૬ એ સ્પ્લેન્ડર પ્લસ નંબર જીજે ૩ એલએફ ૬૪૯૮ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જેની વિગત અનુસાર, ગત તારીખ ૩ ના રોજ જામનગરની જી.જી હોસ્પિટલથી ડીકેવી તરફ જતાં રસ્તા પર મંદિરની પાસે ડિવાઈડર કટ નજીક ઉપરોક્ત નંબરના બાઈક ચાલકે, પૂર ઝડપે અને બેદરકારીથી ચલાવીને ફરિયાદીના પિતા મહેશભાઈ શાંતિલાલ કલોલાના એકટીવા નંબર જીજે૧૦ બીએફ ૪૪૭૮ ને ઠોકર મારી નીચે પછાડી દઈ ફેક્ચર જેવી ઈજા પહોંચાડીને પોતાનું બાઈક લઈ આરોપી નાસી છૂટયો હતો. બીજા બનાવમાં જામનગર તાબેના રણજીતપર ગામમાં રહેતા ડેરીના ધંધાર્થી દિનેશ છગનભાઈ દુધાગરા ઉમર ૪૪ તથા તેમના મિત્ર મોટરસાયકલ લઈને ગત તારીખ ૯ ના રોજ સોયલ ટોલનાકા પેલા રોડ પરથી પસાર થતા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૩ વાય ૮૬૮૧ ના ચાલકે ઓચિંતાની ગોલાઈ લઈને બાઈકને ઠોકર મારી પછાડી દીધા હતા જેમાં દિનેશભાઈ ને પગમાં ઈજા થઈ હતી તેમજ તેના મિત્ર ને ઈજા પહોંચાડી ટ્રક મૂકી ચાલક નાસી છૂટયો હતો.

# અંબાજી કોટેશ્વર ખાતે બનતા રોડમાં ભ્રષ્ટાચારનો તાલુકા પંચાયત સભ્ય વિજય દેસાઈનો આક્ષેપ



ચક્રવાત ટીમ બનાસકાંઠા, તા.૧૧

બનાસકાંઠા જિલ્લા નો દાંતા તાલુકો આ તાલુકો એ અંતરિયાળ વિસ્તાર માં હોય અને આ તાલુકાની અંદર સરકાર દ્વારા અનેક ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે ત્યારે વાત કરવામાં આવે કે અંબાજી નજીક આવેલ કોટેશ્વર મહાદેવ મંદિર જવાનો જે માર્ગ છે તે માર્ગ નું હાલમાં કામ ચાલુ હોઈ કોન્ટ્રકટરો દ્વારા કામ કરવા માં આવી રહ્યું છે ત્યારે તાલુકા પંચાયત ના સદસ્ય વિજયભાઈ દેસાઈ જે લોક સંપર્કમાં હતા તે સમયે દાંતા તાલુકા પંચાયત ના સદસ્ય અને ભાજપ શક્તિ કેન્દ્ર ના પ્રમુખ દેવેન્દ્ર વ્યાસ દ્વારા ત્યાંના સ્થાનિક લોકોને પૂછતાં તેમણે જણાવ્યું કે આ કામ ની અંદર ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે એટલુંજ અને સરકારી ધારાધોરણ મુજબ પણ આ કામ કરવામાં આવતું નથી ત્યારે તેમને કોન્ટ્રાક્ટરનો સંપર્ક કરતા કોન્ટ્રાક્ટર સ્થળે આવી પહોંચ્યો હતો અને કોન્ટ્રાક્ટરે વિજયભાઈ દેસાઈ અને દેવેન્દ્ર વ્યાસ સાથે ન શોભે તેવી ભાષામાં વાતો કરી હતી અને જણાવેલ કે અમે આ રોડ મહાદેવ મંદિરને દાન કરી દઈશું અમારે આ કામ નું બિલ જોઈતું નથી એટલુંજ નહીં કોન્ટ્રેક્ટર એ ધમકી આપતા જણાવ્યું કે તમારાથી જે થાય તે કરી લેજો અમે આવુજ કામ કરીશું ત્યારે વાત કરવામાં આવે કે આ જે માર્ગનું કામ ચાલી રહ્યું છે તેની અંદર મસમોટો ભ્રષ્ટાચાર આચર્યો હોવાનું તાલુકા પંચાયત ના સદસ્ય વિજય દેસાઈ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે રોડ ની અંદર મેટલ પણ નાખવામાં નથી આવી અને સરકારી ધારાધોરણ મુજબ રોડ બનાવવામાં આવી રહો નથી એટલુંજ નહિ માલ પણ હડવી ગુણવત્તા નો હોવાનું જાણવા મળ્યું છે એટલું જ નહીં સરકાર દ્વારા તપાસ કરવામાં આવે તો અનેક અધિકારીઓ ની સંડોવણી પણ બહાર આવવાની શક્યતા સેવાઈ રહી છે ત્યારે આ જે મસમોટા ભ્રષ્ટાચાર આચરી કોન્ટ્રાક્ટરો સરકારના પૈસા પચાવી પાડે છે તેમની ઉપર ઘટતા પગલાં લેવામાં આવે અને અંતરિયાળ વિસ્તારમાં સરકારના જે પૈસા આવે છે તે પૈસા ને કોન્ટ્રાક્ટરો પોતાના ખિસ્સામાં ભરી અને જેમતેમ કાગળિયા પર કામ બતાવી બોગસ કામ કરતા હોવાનું પણ આક્ષેપ આ કોન્ટ્રેક્ટરો પર લાગ્યા છે ત્યારે તાલુકા વિકાસ અધિકારી અને કલેકટર આ બેફામ બનેલા કોન્ટ્રાક્ટર પર પગલા લે તે હાલ તબક્કે જરૂરી બન્યું છે અને જે હલકી ગુણવત્તા નું કામ કરતા હોય તેવા કોન્ટ્રાકટરોને બ્લેકલિસ્ટ કરવા જોઈએ તેવી સ્થાનિક લોકો ની માંગ ઉઠવા પામી છે.

# ઉના નગર પાલીકાની ચૂંટણીમાં ભાજપે ૯ વોર્ડના ૩૬ ઉમેદવાર જાહેર થયા જેમાં ૧૮ મહીલા અને ૧૮ પુરૂષ

## ઉનામાં ભાજપે નગરપાલીકામાં ૨૫ નવા અને ૧૧ જુના જોગી જાહેર કર્યા

ચક્રવાત ટીમ ઉના, તા.૧૧

ઉના નગર પાલીકાની સામાન્ય ચુંટણીમાં ભાજપે ૯ વોર્ડના ૩૬ ઉમેદવારોના નામ જાહેર કર્યા જેમાં ભાજપે જ્ઞાતિના સમીકરણોના આધારીત ટીકીટ નક્કી કરી હોય ઉના શહેર ભાજપનો ગઢ હોય તેમ ગત નગરપાલીકાની ચુંટણીમાં ૩૬ બેઠકમાંથી ૩૫ બેઠક પર કમળ ખીલ્યુ હતું. સમખાવા પુરતી ૧ બેઠક કોંગ્રેસના ફાળે ગયેલ હતી. ત્યારે આ વખતની ચુંટણીમાં ભાજપે ૨૫ નવા ચહેરાઓને તક આપી છે. જ્યારે ૧૧ જુના જોગીને રીપીટ કર્યા છે. બીજી તરફ કોંગ્રેસે હજુ સુધી નગરપાલીકાના ઉમેદવારોને સત્તાવાર જાહેરાત કરેલ નથી. જીલ્લા પંચાયતના ઉમેદવારો નવાબંદરથી પૂનમબેન શાંતિલાલ મકવાણા રીપબ્લીક પાર્ટી ઓફ ઈન્ડીયા, દેલવાડાથી ગીતાબેન શામજીભાઈ રાઠોડ રીપબ્લીક પાર્ટી ઓફ ઈન્ડીયા તેમજ વાંસોજ તાલુકા પંચાયત સીટ પરથી જેસીંગભાઈ શામજીભાઈ રાઠોડ રીપબ્લીક પાર્ટી ઓફ ઈન્ડીયા માંથી ફોર્મ ભર્યા છે. ઉના તાલુકામાં જીલ્લા પંચાયતની ૭ સીટ હોય જેમાં ભાચા, દેલવાડા, કોબ, સૈયદ રાજપરા, મોટાડેસર, તેમજ સનખડાના ઉમેદવારોના નામ જાહેર થયેલ છે. નવાબંદર જીલ્લા પંચાયતની સીટના નામો જાહેર થયેલ નથી. જ્યારે ગીરગઢડા જીલ્લા પંચાયતની ૪ સીટના નામ જાહેર થઈ ચુક્યા છે. તેમજ ઉના તાલુકા પંચાયતની ૨૬ બેઠકો પૈકી ૨૨ બેઠકોના નામ જાહેર થઈ ચુક્યા છે. જ્યારે નવાબંદર-૧, નવાબંદર-૨, પાલડી, વાંસોજ તાલુકા પંચાયત સહીતની ૪ સીટના ઉમેદવારોના નામની જાહેર થયેલ નથી. તેમજ ગીરગઢડા તાલુકા પંચાયતની ૨૦ બેઠકો માંથી ૨૦ બેઠકોના નામ જાહેર થઈ ચુક્યા છે.

# આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ રોશન કરતી આંજણા પાટીદાર સમાજની દીકરી હેતલ



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૧૧

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ખોબા જેવડા ગામ રામપુર પાદેડી ગામના મધ્યમ વર્ગીય આંજણા પાટીદાર સમાજની એક દીકરી હેતલએ ભારતનું પ્રતિનિધિત્વ કરી આઠ દેશો (ભારત, પાકિસ્તાન, નેપાલ, શ્રીલંકા, ભૂતાન, મ્યાનમાર, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન) વચ્ચે ભૂતાન ખાતે રમાયેલ ચોથી એશિયન દેશોની ઈન્ટરનેશનલ રમતોત્સવમાં હેતલે બ્રોન્ઝ મેડલ મેળલ છે.તેમાં ભારત દેશનું, ગુજરાતનું અને મહિસાગર જિલ્લાનું ગૌરવ વધારેલ છે.આ સિવાય નેશનલ લેવલ પર નાસિક ખાતે પણ મેડલ મેળવેલ છે. હેતલ ઓલમ્પિકમાં ભાગ લેવા અને ઉત્કૃષ્ટ દેખાવ કરવા કટિબદ્ધ છે. હેતલને આંતરરાષ્ટ્રીય રમતોત્સવ માં ભાગ લેવા તેમજ રાષ્ટ્રીય લેવલે જવા માટે પ્રશાસન તંત્ર કોઈપણ પ્રકારની આર્થિક કે પ્રોત્સાહક બળ પૂરું પાડયું નથી. માત્રને માત્ર હેતલનો આંતરિક શોખ અને જુસ્સા એ આ રમત ગમત ક્ષેત્રે એને સફળતા અપાવી છે. માટે મહીસાગર જિલ્લાની જમ્પરોપ ગર્લ બની ચૂકી છે.....!

# અનેક વિવાદો બાદ Netflix, Amazon Prime Video માટે ગાઈડલાઈન તૈયાર

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦

એમેઝોન પ્રાઈમની વેબ સીરીઝ 'તાંડવ' અને મિર્ઝાપુર પર થયેલી બબાલ બાદ એ માંગ ઉઠી હતી કે, શુ ઓવર ધી ટોપ કન્ટેન્ટ એટલે કે, ઓટીટી પ્લેટફોર્મને રેગ્યુલેટ કરવાની જરૂર છે. કારણ કે, હાલ ઓટીટી પ્લેટફોર્મ સેલ્ફ રેગ્યુલેટ છે. એટલે કે, તે જે ઈચ્છે તે કંટેટ પીરસી શકે છે. પરંતુ સરકારે એ સ્પષ્ટ કર્યુ કે, હવે આવુ નહિ ચાલે. સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે સંસદમાં કહ્યુ કે, ઓટીટી પ્લેટફોર્મ માટે ટૂંક સમયમાં જ ગાઈડલાઈન્સ તૈયાર કરાશે. તેણે કહ્યુ કે, અમને કેટલાક સુઝાવ અને ફરીયાદો મળી રહી છે. ગાઈડલાઈન્સ અને ડાયરેકશન લગભગ તૈયાર છે. જલ્દીથી જ તેને લાગુ કરવામાં આવશે. આ મુદ્દાને બીજેપીના સાંસદ મહેશ પોદ્દારે રાજયસભામાં ઉઠાવ્યો હતો. તેઓએ કહ્યુ કે, દેશમાં સરળતાથી ઉપલબ્ધ ઈન્ટરનેટની સુવિધા સાથે નેટફ્લિકસ જેવા કેટલાક ઓટીટી પ્લેટફોર્મ ઝડપથી વધ્યા છે.

કોરોના મહામારી અને લોકડાઉનના કારણે થિએટર બંધ થયા. મનોરંજનના સાધનો બંધ થવાથી ઓટીટી પ્લેટફોર્મની પહોંચ ઘણી વધી ગઈ છે. તેની સાથે જ આપણા દેશના યુવાનો પર ખોટો પ્રભાવ પડ્યો છે. આપણી સંસ્કૃતિ અને માન્યતાઓ પર સીધો હમલો કર્યો. ઝારખંડના બીજેપીના સાંસદ મહેશ પોદ્દારે કહ્યુ કે, ઓટીટી પ્લેટફોર્મની ભાષા અને કંટેટમાં સેકસયુઅલ ડિસ્ક્રિમિનેશન તથા જેંડર ડિસ્ક્રિમિનેશન ચોખ્ખુ દેખાય આવે છે. ઓટીટીમાં અશ્લીલ અને સ્લટ ભાષાનો ઉપયોગ થાય છે. એવામાં જરૂરી છે કે, સરકાર મોડુ કર્યા વગર તરત જ ઈન્ટરનેટ રેગુલેશન લાગુ કરે. ઓટીટી પ્લેટફોર્મ માટે રેગુલેશન આવ્યા બાદ ૪૦ ઓટીટી પ્લેટફોર્મ છે જેના પર અસર થશે. તેમાં નેટફળીક્સ, અમેઝોન પ્રાઈમ અને હોટસ્ટાર (ડીઝની પ્લસ) સામેલ છે.

આઈએએમએઆઈએ પોતાનું સેલ્ફ રેગુલેશન ટૂલકિટ તૈયાર કરી લીધુ છે. જેમાં કેટલાક પ્રકારની ગાઈડલાઈન્સ છે. માર્ચ-એપ્રિલથી વેરિફિકેશન શરૂ થશે જેનાથી ઓગસ્ટ સુધી કોડને પુરી રીતે લાગુ કરી શકે, સપ્ટેમ્બર ૨૦૨૦માં સૂચના અને પ્રસારણ મંત્રાલયે આઈએએમએઆઈ ઓટીટી પ્લેટફોર્મને સેલ્ફ રેગુલેટરી મૉડલને સપોર્ટ કરવાની મનાઈ કરી હતી. નવેમ્બરમાં સરકારે એક નોટીફિકેશન જારી કરી ઓનલાઈન કંટેટ પ્રોવાઈડર્સને સૂચના અને પ્રસારણ મંત્રાલયના આધીન કરાયુ હતુ.

# રહાણેના ફોર્મ વિશે સવાલ પૂછાતા ભડક્યો કોહલી રહાણે અને પૂજારા અમારા મહત્વપૂર્ણ ટેસ્ટ બેટ્સમેન

(જી.એન.એસ.)ચેન્નાઈ,તા.૧૦

ઈંગ્લેન્ડ સામે પહેલી ટેસ્ટમાં ભારતની ૨૨૭ રનથી હાર બાદ બંને ઈનિંગ્સમાં નિષ્ફળ ગયેલા બેટ્સમેન અજિંક્ય રહાણેની ટીકા થઈ રહી છે. જોકે કેપ્ટન વિરાટ કોહલીએ રહાણેનો બચાવ કરતાં કહ્યું હતું કે, જો તમારે કંઈક બોલાવવા માંગતા હોય તો તે નહીં થઈ શકે. પૂર્વ ક્રિકેટર સંજય માંજરેકરે ટ્વિટ કર્યું હતું કે, મારો મુદ્દો રહાણે સાથે બેટ્સમેન તરીકે છે. મેલબોર્નમાં સદી બાદ તેમણે અણનમ ૨૭, ૨૨, ૪, ૩૭, ૨૪, ૧ અને ૦ રન બનાવ્યા હતા. સદી બાદ શ્રેષ્ઠ



ખેલાડી લય જાળવી રાખે છે અને નબળા ફોર્મમાં ચાલતા ખેલાડીઓનું દબાણ ઓછુ કરે છે.

ઓસ્ટ્રેલિયામાં કેપ્ટન તરીકે ટેસ્ટ સિરીઝમાં જીતાડવા બદલ રહાણેની પ્રશંસા કરવામાં આવી હતી, પરંતુ તે મેલબોર્નમાં સદી બાદ બેટ લડે કમાલ નથી કરી શક્યો. જોકે, કોહલીએ કહ્યું હતું કે, હું પણ બોલ્ડ થઈ ગયો હતો. જો તમે કંઈક બોલાવવા માંગતા હો, તો તે શક્ય બનશે નહીં, કારણ કે એવું કંઈ નથી. અજિંક્યે અને પૂજારા અમારા સૌથી મહત્વપૂર્ણ ટેસ્ટ બેટ્સમેન છે અને અમને તેમની ક્ષમતા પર પૂરો વિશ્વાસ છે. કોહલીએ ચેન્નાઈમાં રહાણેના પ્રદર્શન વિશે જણાવ્યું હતું કે, તે માત્ર એક ટેસ્ટ અને બે ઈનિંગ્સની વાત છે. તમે આ ઈનિંગ્સને એક બાજુ મૂકી શકો છો, પરંતુ પ્રથમ ઈનિંગ્સમાં તે ચોગ્ગો મારવા માંગતો હતો, જેને રુટે દ્વારા શાનદાર કેચમાં ફેરવી નાખ્યો હતો. જો તે બોલ બાઉન્ડ્રી પાર જાત તો આવી વાત ન થતી હોત. કોઈ સમસ્યા નથી, ખરેખર દરેક ખેલાડી સારી રીતે રમી રહ્યા છે.

# રોયલ ચેલેન્જર બેંગ્લોરના નવા બેટિંગ કોચ તરીકે સંજય બાંગરની નિયુક્તિ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦



રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમે સંજય બાંગરને બેટિંગ સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. આઈપીએલની ૧૪મી સીઝન માટે ભારતના ભૂતપૂર્વ બેટિંગ કોચ બાંગરને આ જવાબદારી મળી છે. આરસીબીએ બુધવારે ટ્વીટ કરીને બાંગારની નિમણૂક અંગે માહિતી આપી છે. આરસીબી એ લખ્યું હતું કે, 'સંજય બાંગરને બેટિંગ સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં અમને આનંદ છે. આરસીબીના પરિવારમાં આપનું સ્વાગત છે.'

સંજય બાંગર ૨૦૧૪થી ૨૦૧૯ સુધી ભારતીય ક્રિકેટ ટીમના બેટિંગ કોચ રહ્યાં હતા. બાંગરે ૨૦૧૪ની આઈપીએલ સીઝનમાં પંજાબ સાથે જોડાયા હતા અને તેમની કોચિંગ હેઠળ ટીમે ફાઈનલમાં સારૂ પ્રદર્શન કર્યું હતું. ૪૮ વર્ષના બાંગર ભારત-એ અને ભૂતપૂર્વ આઈપીએલ ટીમ કોચી ટસ્કર્સના કોચ પણ રહી ચૂક્યા છે. ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ કોચ માઈક હ્યુસન આરસીબી ટીમના ડિરેક્ટર ઓફ ક્રિકેટ છે. આ જ સમયે ઓસ્ટ્રેલિયાના પૂર્વ બેટ્સમેન સાઈમા કૈટિચ મુખ્ય કોચ હતા. વિરાટ કોહલીની અધ્યક્ષતામાં આરસીબીએ આ સિઝન માટે ૧૦ ખેલાડીઓને મુક્ત કર્યા છે. આ સીઝન માટે ખેલાડીઓની હરાજી ૧૮ ફેબ્રુઆરીએ ચેન્નઈમાં થવાની છે, જેમાં આરસીબી કેટલાક મોટા ખેલાડીઓ ખરીદવાનો પ્રયાસ કરશે. આરસીબીની ટીમ એક વખત પણ આઈપીએલનો ખિતાબ જીતી શકી નથી. વિરાટની ટીમ નવી અપેક્ષાઓ સાથે ફરીથી મેદાનમાં ઉતરવા તૈયાર છે.

# આઈપીએલમાં વીવો પોતાના રાઈટ્સ ટ્રાન્સફર કરે તેવી શક્યતા

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૧ની કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યુ છે, અને કહેવામાં આવી રહ્યું છે કે આ વર્ષે ભારતમાં ૧૧ એપ્રિલથી ક્રિકેટની સૌથી મોટી લીગનો પ્રારંભ થઈ જશે. આની સાથે ૧૮ ફેબ્રુઆરીએ ઓક્શન પણ થવાની છે, જેમાં ૧૦૯૭ ખેલાડીઓ પર બોલી લાગવાની છે. જોકે હજુ સુધી આઈપીએલની પાસે કોઈ ઓફિશિયલ સ્પૉન્સરશીપ નથી. પહેલા મોબાઈલ કંપની વીવોનો કરાર બીસીસીઆઈ સાથે થયો હતો, પરંતુ ગયા વર્ષે ભારત અને ચીન વચ્ચેના તણાવ બાદ આ કરાર બીસીસીઆઈએ તોડી નાંખ્યો હતો, અને ભારતીય કંપની ડ્રીમ ૧૧ને સ્પૉન્સરશીપ આપી દીધી હતી.

મીડિયા રિપોર્ટ પ્રમાણે વીવો કંપની પોતાના રાઈટ્સને ટ્રાન્સફર કરી શકે છે, અને આ રેસમાં ડ્રીમ ૧૧ અને અનએકેડમી સૌથી આગળ છે. આ બન્ને ભારતીય કંપનીઓ છે. ડ્રીમ ઈલેવન ભારતીય ફેન્ટસી સ્પૉર્ટ્સ કંપની છે, જ્યારે અનએકેડમી ભારતીય ઓનલાઈન એજ્યૂકેશન ટેકનોલૉજી કંપની છે. આ બન્ને કંપનીઓ આ રેસમાં સૌથી આગળ છે, એટલે માની શકાય કે આઈપીએલ ૨૦૨૧માં આ બેમાંથી એક સ્પૉન્સર બની શકે છે.ઉલ્લેખનીય છે કે ડ્રીમ ૧૧ આઈપીએલ ૨૦૨૦ની મુખ્ય સ્પૉન્સર હતી, જેને ૨૨૦ કરોડ રૂપિયામાં રાઈટ્સ ખરીદ્યા હતા.

# ટેસ્ટ રેન્કિંગમાં કોહલી પડ્યો પાંચમા નંબરે : ચાર વર્ષના સૌથી નીચેના સ્થાન પર

(જી.એન.એસ)ચેન્નાઇ,તા.૧૦



ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ એ બુધવારે લેટેસ્ટ ટેસ્ટ રેક્રિંગ જાહેર કર્યું. તેમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલી બેટ્સમેન રેક્રિંગમાં એક સ્થાનના નુકસાન સાથે પાંચમા ક્રમે આવી ગયો છે. નવેમ્બર ૨૦૧૭ પછી પહેલીવાર કોહલી આટલા નીચેના ક્રમે આવ્યો છે.

ચેન્નઈ ટેસ્ટની બીજી ઈનિંગ્સમાં ૫૦ રનની ઈનિંગ્સ રમનાર ઓપનર શુભમન ગિલને ૭ સ્થાનનો ફાયદો થયો છે. તે ૪૦મા ક્રમે પહોંચી ગયો છે. જ્યારે અણનમ ૮૫ રન બનાવનાર વોશિંગ્ટન સુંદરને ૨ સ્થાનનો ફાયદો થયો છે. તે ૮૧મા ક્રમે પહોંચી ગયો છે. કોહલી સિવાય ટીમ ઈન્ડિયાની નવી વોલ ચેતેશ્વર પૂજારા પણ ટોપ-૧૦માં છે. પ્રથમ ટેસ્ટ પછી તે સાતમા ક્રમે યથાવત રહ્યો છે. જ્યારે ટીમ ઈન્ડિયા સામે ચેન્નઈમાં ડબલ સેન્ચુરી મારનાર ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટને ૨ સ્થાનનો ફાયદો થયો છે. તે ત્રીજા ક્રમે પહોંચી ગયો છે. ન્યૂઝીલેન્ડ નો કેપ્ટન કેન વિલિયમ્સન ૯૧૯ પોઈન્ટ્સ સાથે ટોપ પર છે, જ્યારે સ્ટીવ સ્મિથ ૮૯૧ પોઈન્ટ્સ સાથે બીજા ક્રમે છે.

# સલમાનનો ફોટો ક્રોપ કરી શેર કરતા ટ્રોલ થઈ શ્રદ્ધા કપૂર



(જી.એન.એસ.)મુંબઈ,તા.૯

બોલીવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરને હાલમાં ખુબ જ ટ્રોલ કરવામાં આવી રહી છે. ટ્રોલ થવા પાછળ તેની ઈન્સ્ટા સ્ટોરી છે, જેમાં તેણે અખબારનું એક પેજ શેર કર્યું હતું, આ પેજમાં એક સમાચાર હતા કે, પ્રાણીઓ સામે હિંસા કરનાર લોકોને ૭૫ હજાર રૂપિયાનો દંડ અને પાંચ વર્ષની જેલ થશે. પરંતુ શ્રદ્ધાએ આ સમાચારને બાદમાં ક્રોપ કરી રીશેર કર્યા. આ રીશેરિંગના કારણે લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે. પ્રાણીઓ સામે થઈ રહેલી હિંસાને લઈને એક નવો નિયમ લાગુ થયો છે. તેના અનુસાર પ્રાણીઓની સાથે હિંસા કરનાર લોકોને ૭૫ હજાર રૂપિયાનો દંડ આપવો પડી શકે છે. આ સાથે જ તેને ૫ વર્ષની સજા પણ થઈ શકે છે. શ્રદ્ધાએ આ નવા નિયમનું સ્વાગત કરતા તેને જલ્દીથી લાગુ કરવાની વાત કરી છે.

તેણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ સમાચારને લઈને પેપરનું એક કટિંગ શેર કર્યું અને જલ્દીથી જલ્દી લાગુ કરવાની માંગ કરી છે. શ્રદ્ધા કપૂરે જે ન્યૂઝ પેપરનું કટિંગ સ્ટોરી પર શેર કર્યું હતું, તેમાં સલમાન ખાનની તસવીર પણ સામેલ હતી. તેમાં સલમાન ખાનના કાળિયાર શિકાર કેસનો પણ ઉલ્લેખ કર્યો હતો. એવામાં એક્ટ્રેસે આ વાત પર ધ્યાન આપ્યા વગર પોસ્ટ શેર કરી હતી. જો કે, થોડી વાર પછી તેનું ધ્યાન ગયું, તેણે તાત્કાલીક પેપરથી સલમાન ખાનનો ફોટો ક્રોપ કર્યો અને ફરી સ્ટોરી શેર કરી. સોશિયલ મીડિયા યૂઝર્સે આ વાતને નોટિસ કરી અને હવે શ્રદ્ધા કપૂરને ઘણી ટ્રોલ કરવામાં આવી રહી છે.

તમને જણાવી દઈએ કે, અખબારમાં છપાયેલા સલમાન ખાનને લગતા એક સમાચાર આવ્યા હતા કે, સલમાને કોંકણી કાળિયાર શિકાર કેસમાં સરકારને અપીલ કરી હતી, તેણે વર્ચ્યુઅલ હાજરી દ્વારા જામીન બોન્ડ ભરવાની મંજૂરી કોર્ટે દ્વારા મળી ગઈ છે. જેનો અર્થ છે કે, સલમાન ખાન મુંબઈથી જ વર્ચ્યુઅલ હાજરી નોંધાવી શકશે. તમને જણાવી દઈએ કે, સલમાન ખાને સતત ૧૭ વખત હાજરીની માફી લીધી છે. આ સ્થિતિમાં ૬ ફેબ્રુઆરીએ તેને માફી મળવાની સંભાવના ઓછી હતી. કોઈપણ સંજોગોમાં તેને કોર્ટમાં હાજર થવા માટે જોધપુર આવવું જ પડતું. જોધપુર આવવાનું ટાળવા માટે આ અરજી હવે સલમાન ખાન દ્વારા કરવામાં આવી હતી જેની મંજૂરી તેને મળી ગઈ છે.

# એક્ટ્રેસ લિસા હેડન ત્રીજી વખત બનશે મા, શેર કરી પોસ્ટ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૯

લિસા હેડને શેર કરેલા વીડિયોમાં તેમનો દીકરો જૈક જોવા મળે છે. જૈક અચાનક ફ્રેમમાં આવી જાય છે અને તેમની મમ્મીને (લિસા)ને એક સવાલ કરે છે. લિસાએ તેમની ત્રીજી પ્રેગ્નન્સી વિશે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી છે.

એક્ટ્રેસ લિસા હેડન ત્રીજી વખત મા બનવા જઈ રહી છે. લિસાએ ખૂબ જ રોચક અંદાજમાં આ વાત તેમના ફેન્સને જણાવી છે. લિસાએ શેર કરેલા વીડિયોમાં તેમનો નાનકડો દીકરો જૈક પણ જોવા મળે છે. જૈક અચાનક ફ્રેમમાં આવી જાય છે અને ક્યૂટ અંદાજમાં પૂછે છે કે, શું મમ્મી તારા પેટમાં નાની બહેન છે?

લિસા ઈન્સ્ટાગ્રામ પર તેમના ફેન્સેને પ્રેગ્નસીના ન્યુઝ આપવાની હતી. જો કે આ દરમિયાન અચાનક તેમનો દીકરો જૈક આવી ગયો. જૈક કહે છે કે, શું તું બધાને જણાવીશ કે, પેટમાં શું છે. ત્યારબાદ જૈકે ખૂબ જ ક્યૂટ અંદાજમાં જણાવ્યું કે, 'એક બેબી સિસ્ટર'

લિસા ત્રીજી વખત મા બનવા જઈ રહી છે ત્યારે શિવાની દાંડેકર સહિત કેટલાક સેલિબ્રિટીએ શુભકામના પાઠવી છે. લિસાને હાલ ૨ દીકરા છે. જૈક અને લિયો, લિસાએ બિઝનેસ મેન ડિનો લાલવાની સાથે ફુટેક થાઈલેન્ડમાં લગ્ન કર્યા હતા. ડિનો લાલવાની પાકિસ્તાની મૂળના બ્રિટિશ બિઝનેસમેન છે.



# ફિલ્મ 'ગણપત'માં ટાઈગર શ્રોફ સાથે ફરી જોવા મળશે કૃતિ સેનન



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦

બોલિવૂડ સ્ટાર ટાઈગર શ્રોફની સાથે કૃતિ સેનને ફિલ્મ 'હીરોપંતી' થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. વળી ફરી એકવાર આ જોડી સાથે જોવા મળશે. જી હા, ફિલ્મ 'ગણપત'માં ટાઈગર સાથે કૃતિ જોવા મળશે. ટાઈગર શ્રોફે ઈન્સ્ટાગ્રામ પર મોશન પોસ્ટર શેર કર્યું છે. જેમાં કૃતિ સેનન એક્શન અવતારમાં જોવા મળી રહી છે. આ તસવીર શેર કરતા ટાઈગરે લખ્યું કે, ''ખત્મ હુઆ ઈંતજાર૫ ટેલેન્ટેડ કે ઈસ ભંડાર કે સાથ એકબાર ફિર સે કામ કકરને કે લીએ ઉત્સાહિત હૂં''. બીજી બાજુ, કૃતિ સેનને એક મોશન પોસ્ટર શેર કરી લખ્યું, 'મિલીએ જસ્સી સેપ ઈસકે લીએ સુપર ડુપર એક્સાઈટેડ!! મેરે બહુત ખાસ ટાઈગર શ્રોફ કે સાથ ફરી એક બાર ટીમ બનાકર! શૂટિંગ શરૂ હોને કા ઈન્તજાર નહીં કર સકતી! ટાઈગર શ્રોફે સોશિયલ મીડિયા પર મોશન પોસ્ટર શેર કર્યું હતું. જેમાં એક બોલિવૂડ એક્ટ્રેસ બાઈકમાં જોવા મળી હતી. આ તસવીર શેર કરતા અભિનેતાએ લખ્યું, ''સુના હૈ મુડને વાલી હૈ કલ સુબહ ઠીક ૧૦ : ૪૦ કો ????'' આ પોસ્ટર હોવાથી, દરેક લોકો અનુમાન કરી રહ્યા હતા કે આ અભિનેત્રી કોણ છે. ચાહકો કૃતિ સેનન, નોરા ફતેહી, સારા અલી અલી ખાન સહિત ઘણા નામ લઈ રહ્યા હતા. રસપ્રદ વાત એ છે કે કૃતિ અને ટાઈગરે વર્ષ ૨૦૧૪ માં સાજિદ નડિયાદવાલા પ્રોડક્શનના સબ્બીર ખાન દિગ્દર્શિત ફિલ્મ 'હીરોપંતી'થી એક સાથે બોલીવુડમાં પ્રવેશ કર્યો હતો. જે બાદ બંને ફરી એકવાર સાથે જોવા મળશે.

નિર્માતાઓ એક એવી અભિનેત્રીને કાસ્ટ કરવા માગે છે કે જે કૃતિના પાત્રવાળી એસ એક્શન ફિલ્મમાં સંપૂર્ણ રીતે ફિટ થઈ શકે. જે બાદ તેણે કૃતિ સેનન લેવાનું નક્કી કર્યું. ગણપત સિવાય ટાઈગર શ્રોફ પાસે વધુ બે ફિલ્મો છે, જે અભિનેતાએ થોડા દિવસો પહેલા જ સોશિયલ મીડિયા પર ટ્વીટ કરીને માહિતી આપી હતી. આ બંને ફિલ્મો 'બાગી ૪' અને 'હીરોપંતી ૨' છે. ટાઈગર કુલ ૨૫ દેશોમાં આ બંને ફિલ્મ્સનું શૂટિંગ કરશે. ફિલ્મ 'હીરોપંટી ૨' નું શૂટિંગ ડિસેમ્બરમાં શરૂ થવાની સંભાવના છે.

સત્ય માટે, સત્ય સાથે સતત.. ચક્રવાત

**ગીચ વિસ્તારોમાંથી બીઆરટીએસ હટાવાશે,શહેરીજનોને મળશે ફ્રી પાર્કિંગ : ધંધાર્થીઓને એક વર્ષ માટે ટેક્સમાં રાહત અને ઘરવેરામાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કરશે**

# ૬ મહાપાલિકાનો પ્રદેશ કોંગ્રેસ દ્વારા ચૂંટણી ઢંઢેરો જાહેર

(જી.એન.એસ)અમદાવાદ,તા.૧૧

અમદાવાદ સહિતની રાજ્યની મહાનગરપાલિકાઓ તેમજ પાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે કોંગ્રેસ દ્વારા ચૂંટણીનો ઢંઢેરો જાહેર કરાયો છે. પક્ષે ચૂંટણી ઢંઢેરાને 'શપથ પત્ર'નું નામ આપતા જણાવ્યું છે કે, તે સત્તામાં આવતા જ પોતે આપેલા એકેએક વચનનું પાલન કરશે.

કોંગ્રેસ દ્વારા કરાયેલી મહત્વની જાહેરાતોમાં તમામ શહેરીજનોને સરકારની સુવિધાઓ, સેવાઓ તેમજ સ્કીમ્સ માટે ગુજરાઈટ કાર્ડ આપવાની, સત્તામાં આવ્યાના ચોવીસ કલાકમાં જ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગ પ્રથા નાબૂદ કરવાની, કોર્પોરેશનમાં ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી શરુ કરવાની, શહેરના જાહેર માર્ગો પર એર પ્યુરિફાયર લગાવવાની, મફતમાં ઈંગ્લિશ મિડિયમમાં શિક્ષણ આપવાની જાહેરાતોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરામાં પ્રોપર્ટી ટેક્સમાં ૫૦ ટકા સુધી ઘટાડો કરવા, કોરોના કાળમાં આર્થિક નુકસાન ભોગવનારા વેપારીઓને ૧ વર્ષ માટે ટેક્સમાં રાહત આપવા, તમામ શહેરોમાં ફ્રી વાહન પાર્કિંગ તેમજ ફ્રી વાઈફાઈ ઝોન શરુ કરવાની પણ જાહેરાતો કરાઈ છે.

મોટાભાગના શહેરોના કેટલાક વિસ્તારોમાં પાણીનો કકળાટ આજે પણ જોવા મળે છે. તેવામાં કોંગ્રેસે આ સમસ્યાને ઉકેલવાની અને પાણીની બચત કરનારા શહેરીજનોને મફતમાં પાણી આપવાની જાહેરાત કરી છે. નવા વિસ્તારોમાં જ્યાં સુધી નર્મદાનું પાણી ના આપી શકાય ત્યાં સુધી વોટર ટેક્સમાં રાહત અપાશે તેવી પણ પક્ષે જાહેરાત કરી છે.

સોસાયટીઓમાં નિયમિત સફાઈ માટે વૈજ્ઞાનિક ઢબે આયોજન, કાયમી સફાઈ કર્મચારીઓની નિમણૂંક, સફાઈકર્મીઓને તેમના ઝોનમાં ક્વાર્ટર આપવાનું, જાહેર જગ્યાઓ પર સ્વચ્છ અને ફ્રી પબ્લિક ટોઈલેટનું નિર્માણ કરવાનું પણ પક્ષ દ્વારા વચન આપવામાં આવ્યું છે. અમદાવાદ માટે માથાનો દુઃખાવો બનેલા પીરાણાના કચરાના ડુંગરનો આંતરરાષ્ટ્રીય ધારાધોરણ અનુસાર નિકાલ લવાશે તેમ પણ પક્ષે જણાવ્યું છે.

શહેર હોય કે ગામડાં, ચોમાસામાં ઘણા રસ્તા ધોવાઈ જતાં હોય છે. આ મુદ્દાને ઉઠાવતા કોંગ્રેસે જાહેરાત કરી છે કે જો તેને સત્તા મળી તો તમામ તૂટેલા રસ્તાને યુદ્ધના ધોરણે રિપેર કરવામાં આવશે. તેમજ ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખતા ગીચ વિસ્તારોમાંથી બીઆરટીએસ હટાવાશે તેવું ચૂંટણી વચન પણ પક્ષે આપ્યું છે.

આરોગ્ય સેવા માટે પક્ષે દરેક વોર્ડમાં તિરંગા હેલ્થ ક્લિનિક ખોલવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત, કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં હૃદયરોગ, કિડની જેવી ગંભીર બીમારીની સારવાર લેતો દર્દી સામાન્ય ના થાય ત્યાં સુધી તેને ટ્રીટમેન્ટ અપાશે, અને ખાસ તો અમદાવાદ માટે વી.એસ. હોસ્પિટલને ફરી કાર્યરત કરાશે તેવી પણ પક્ષે જાહેરાત કરી છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સહિતની સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર એમ કુલ ૭ મહાનગરપાલિકાઓમાં ૨૧ ફેબ્રુઆરીના રોજ મતદાન થવાનું છે. જેની મતગણતરી ૨૩ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે. જ્યારે ૮૧ પાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાશે, અને તેની મતગણતરી ૦૨ માર્ચના રોજ થશે. બે તબક્કામાં યોજાનારી ચૂંટણીમાં બીજા તબક્કાની ચૂંટણી પહેલા જ પહેલા તબક્કાનું પરિણામ જાહેર કરવા બાબતે હાઈકોર્ટમાં પિટિશન પણ કરાઈ છે.

## શું શું વાયદાઓ કર્યા???

- કોન્ટ્રેક્ટના નામે યુવા વર્ગનું શોષણ થાય છે, એ માટે આઉટસોર્સિંગ નાબૂદ કરીશું.
- ૬ મહાનગરમાં તમામ સરકારી શાળામાં મોડલ સ્કૂલો બનાવવી અને ધો. ૧થી જ અંગ્રેજી માધ્યમ શરૂ કરી અને મફત શિક્ષણ સુવિધાઓ શરૂ કરશે.
- વરસાદી પાણીના નિકાલથી લોકોને જે નુકસાન થાય છે એ દૂર કરવા એક્સપર્ટની મદદ લઇ કામગીરી કરવામાં આવશે.
- શહેરી વિસ્તારોમાં પાર્કિંગની સમસ્યા છે. પાર્કિંગના નામે ઉઘાડી લૂંટ ચાલે છે, જે દૂર કરવામાં આવશે અને ફ્રી પાર્કિંગ કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓ અને શહેરીજનો માટે ફ્રી વાઈફાઈ ઝોન બનાવવામાં આવશે.
- દરેકને ફ્રી પાણી મળે એવી સુવિધાઓ કરવામાં આવશે.
- ગરીબ પરિવારને ઘરનું ઘર મળે એવો પ્રયાસ કરવામાં આવશે.
- આધુનિક હોસ્પિટલ અને દરેક વોર્ડમાં તિરંગા ક્લિનિક બનાવવામાં આવશે.
- કોરોનાકાળમાં આર્થિક નુકસાની ભોગવી રહેલા ધંધાર્થીઓને એક વર્ષ માટે ટેક્સમાં રાહત આપીશું.
- તમામ શહેરોમાં નાગરિકોને ફ્રી વાહન પાર્કિંગ આપીશું.

- ઘરવેરામાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કરીશું.

# મોરબી સિરામિક ફેક્ટરીમાં માટી ભરેલી કોઠીઓ પડતા ત્રણ દટાયા



ચક્રવાત ટીમ મોરબી,તા.૧૧

મોરબી નજીક આવેલ સિરામિક ફેકટરીમાં માટી ભરેલ કોઠીઓ નીચે પડવાની દુર્ઘટનામાં હાલના તબક્કે ૩ લોકો દટાયા હોવાનું સામે આવ્યું છે. અહીં મોરબીની ટીમ રેસ્ક્યુ માટે કામે લાગી છે. આ ઉપરાંત રાજકોટની ટીમને પણ બોલાવવામાં આવી છે.

મોરબી તાલુકાના રંગપર ગામ નજીક આવેલા ગ્રીસ સીરામીક નામના કારખાનામાં માટી ભરેલા સાઈલો (કોઠીઓ) નમી જતા ૧ મહિલા સહિત ૩ લોકો નીચે દબાયા હોવાના બનાવને લઈને તાલુકા પોલીસ, મામલતદાર, ફાયરબ્રિગેડ સહિતના કાફલા દ્વારા રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યું છે. જો કે ટાંચા સાધનોને કારણે તંત્ર દ્વારા રાજકોટની રેસ્ક્યુ ટીમની મદદ લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટની ટીમ દ્વારા સ્થાનિક ટીમની મદદથી રેસ્ક્યુ હાથ ધરી કાટમાળને ખસેડવામાં આવશે અને અંદર દટાયેલા લોકોને બહાર કાઢવામાં આવશે. આ રેસ્ક્યુની કામગીરી મોડી રાત સુધી ચાલવાની છે.

# આણંદ શહેર, જિલ્લા, તાલુકા ભાજપના ઉમેદવારોની યાદી જાહેર

ગાંધીનગર,તા.૧૧

આજે અમાસે આણંદ જિલ્લામાં ચૂંટણી દાવેદારોના ઓરતા પુરા થયા અને ચૂંટણી રસિયાઓની આતુરતાનો અંત આવ્યો છે.ભાજપ દ્વારા નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ઉમેદવારોની યાદી સત્તાવાર જાહેર કરવામાં આવી છે.મહત્વનું છે કે આણંદ જિલ્લામાં જિલ્લા પંચાયતની ૪૨ બેઠકો ૮ તાલુકા પંચાયતની ૧૯૬ બેઠકો અને આણંદ સહિત ૬ નગરપાલિકાની ૨૧૨ બેઠકો ચૂંટણી યોજાનાર છે. ભાજપ દ્વારા ઉમેદવાર યાદી જાહેર થતા નગરમાં કહી ખુશી કહી ગમનો માહોલ છે. ઉત્સાહ અને ઉન્માદ વચ્ચે ચૂંટણી પરિણામો કેવા આવે છે તે ભવિષ્યના ગર્ભમાં છે. જોકે આણંદ પાલિકાના ભાજપના શાસનને ભ્રષ્ટતાનો ડાઘ લગાડનાર ત્રિપુટી કપાતા



નવા રાજકીય સમીકરણો આકાર લેશે તેવા અહેવાલો મળી રહ્યા છે.

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ આણંદ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા ઉમેદવારના નામ સાથે ની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ વિપુલભાઈ પટેલ જિલ્લા મોવડી મંડળ અને પ્રદેશ પાર્લમેન્ટરી બોર્ડના સયુંકત નિર્ણયથી પસંદગી પામેલ ઉમેદવારો ના નામ જાહેર કરાયા હતા.આણંદ જિલ્લા પંચાયત,તાલુકા પંચાયત અને ૬ નગરપાલિકામાં વોર્ડ વાઈઝ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે.અનિવાર્ય સંજોગોથી અમુક બેઠકો ઉપર પાર્ટી આગામી દિવસોમાં નામ જાહેર કરશે.તેવી માહિતી જિલ્લા પ્રમુખે પત્રકાર પરિસદમાં આપી હતી

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ વિપુલભાઈ પટેલે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ ભારે બહુમતી સાથે જિલ્લા અને નગરપાલિકાઓમાં વિજય બનશે તેવી આશા વ્યક્ત કરી આ પત્રકાર પરિસદમાં આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ વિપુલભાઈ પટેલ, આણંદ સાંસદ મિતેશભાઈ પટેલ, પૂર્વ સાંસદ દીપકભાઈ પટેલ અને પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહી મેન્ડેટ મેળવનાર તમામ ઉમેદવારોને ભવ્ય જીત માટેની શુભકામનાઓ પાઠવી છે.

મહત્વનું છે કે આંણદ જીલ્લા ભાજપે તાલુકા પંચાયત,જી.પંચાયત અબે નગરપાલિકાના ઉમેદવારોની જાહેર કરવામાં આવેલ યાદીમાં આંણદની સંદેસર તા.પંચાયત બેઠક ના ઉમેદવારનું નામ જાહેર કરાયુ નથી. બોરસદ નગર પાલીકામાં વોર્ડ નં ૭ અને ૮માં ભાજપાના કોઈ ઉમેદવાર જાહેર કરાયા નથી. બોરસદની દહેમી તા.પંચાયત માટે નામ જાહેર કરાયા નથી.

# તાલાળા : ભાજપની યાદી પૂર્વે ૧૬ હોદ્દેદારો સહિત ૨૦૦ કાર્યકરોએ આપ્યા રાજીનામા

### ભાજપના ચૂંટણી ઉમેદવારોની પસંદગી સામે આગેવાનો તથા કાર્યકરોએ પક્ષના મોવડી સામે આક્રોશ દર્શાવ્યો



ચક્રવાત ટીમ તાલાલા, તા.૧૧

તાલાલા શહેર ભાજપના આગેવાનો સહિત ૨૦૦ કાર્યકરોએ ઉમેદવારો પસંદગી પ્રક્રિયાના અંતે જાહેર કરાયેલ યાદી સામે અસંતોષ-આક્રોશ વ્યક્ત કરી પ્રદેશ પ્રમુખને પોતાના રાજીનામા અર્પણ કરતો પત્ર પાઠવી સ્થાનિક નેતાગીરી તેમજ સાંસદ રાજેષ ચુડાસમા વિરૂધ્ધ ઉમેદવારોની પસંદગીમાં સારા-સાચા કાર્યકરોને અન્યાય કરાયાનો આક્ષેપ લગાવી ૧૬ આગેવાનો સહિત ૨૦૦થી વધુ કાર્યકરોએ પોતાનાં રાજીનામા આપી પક્ષ સાથે છેડો ફાળવાની જાહેરાત કરતા ગીર-સોમનાથ જિલ્લાનાં આગેવાનો દ્વારા ડેમેજ કંટ્રોલની કામગીરી હાથ ધરવામાં આવેલી છે. ચૂંટણી નજીકનાં જ દિવસોમાં યોજાનાર હોવાથી પક્ષને આગેવાનો કે કાર્યકરોની નારાજગી પરવડે તેમ નથી !

તાલાળા શહેરનાં સંગઠન દ્વારા ઉમેદવારોની જિલ્લા કક્ષાએથી જાહેરાત થાય તે પહેલા જ પસંદગીની પ્રક્રિયા સામે વિરોધ દર્શાવી તાલાલા શહેર સંગઠનન મોટાભાગના આગેવાનો તેમજ કાર્યકરોએ રાજીનામાનો પત્ર પાઠવત જિલ્લા ભાજપમાં પસંદગી જાહેર થાય તે પહેલા જ ભૂકંપ સર્જાયો છે.

# મોરબી પાલિકામાં બ્રાહ્મણ પુરૂષને ટિકીટ ન મળતા ભાજપ-બ્રહ્મસમાજ આમને સામને

### દરેક વોર્ડમાં અપક્ષ ઉમેદવાર ઉભા રાખવાની ચીમકી

ચક્રવાત ટીમ મોરબી,તા.૧૧

મોરબી શહેરમાં બ્રહ્મસમાજની વિશાળ વસ્તી હોવા છતાં આગામી નગરપાલિકાની ચૂંટણીમાં એક પણ પુરુષ ઉમેદવારને ભાજપે ટીકીટ ન ફાળવતા ભૂદેવો આગબબૂલા થઈ ઉઠ્યા છે અને આવતીકાલે ગાયત્રી મંદિર મોરબી ખાતે અગત્યની મિટિંગ યોજવાની સાથે આ ચૂંટણીમાં ભાજપને નડવા દરેક વૉર્ડમાં બ્રહ્મસમાજના યુવાનોને અપક્ષ લડાવવા પણ રણ નીતિ ઘડી કાઢવામાં આવી છે.

મોરબી બ્રહ્મસમાજના અગ્રણી પ્રશાંતભાઈ મહેતાએ ભાજપની ટીકીટ ફાળવણી સામે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મોરબીમાં બ્રહ્મસમાજની આટલી મોટી વસ્તી હોવા છતાં એક પણ પુરુષ ઉમેદવારને ટીકીટ ફાળવવામાં આવી નથી, શુ બ્રહ્મસમાજના પુરુષો બુદ્ધિશાળી નથી ? શુ ભૂદેવો સમાજમાં વર્ચસ્વ નથી ધરાવતા તેવા સવાલ ઉઠાવી ભાજપે ઉમેદવારોની પસંદગીમાં બ્રહ્મસમાજને હળહળતો અન્યાય કર્યો હોવાનું જણાવી આ ચૂંટણીમાં ભાજપને જરૂરથી જડબાતોડ જવાબ આપશે તેવું રોષ પૂર્વક જણાવ્યું હતું.

વધુમા પ્રશાંતભાઈએ ઉમેર્યું હતું કે ભાજપે મોરબી નગરપાલિકામાં ત્રણ મહિલા ઉમેદવારને ટીકીટ આપી છે તે ટીકીટ પણ ભાજપને રિટર્ન કરવા બ્રહ્મસમાજ પ્રયત્નશીલ છે.અને આવતીકાલે ગાયત્રી મંદિર મોરબી ખાતે પ્રેસકોન્ફરન્સ યોજવાની જાહેરાત કરી આ અન્યાયનો ભાજપને જડબાતોડ જવાબ આપવા દરેક વૉર્ડમાં વધુ ને વધુ બ્રહ્મસમાજના યુવા ઉમેદવારોને અપક્ષ લડાવવા જાહેરાત કરી ભાજપ સામે રોષ વ્યકત કર્યો છે.

અંતમાં ભૂપતભાઈએ જણાવ્યું હતું કે ગત ચૂંટણીઓમાં ભાજપ બ્રહ્મસમાજને પાંચ-પાંચ ટીકીટ ફાળવે છે પરંતુ આ વખતે ભાજપના અગ્રણીઓનું મોરબીમાં સૌ પ્રથમ વખત પરશુરામધામ ખાતે સન્માન કરવાનો આ બદલો મળ્યો હોવાનું અફસોસ સાથે અંતમાં જણાવ્યું હતું.

# રાજ્યમાં ચૂંટણી બાદ ધોરણ ૫ થી ૮ની પરીક્ષા લેવાની સરકારની વિચારણા

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૧૧

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો રાજકીય માહોલ છે, ત્યારે રાજ્યમાં કોરોનાના કેસો સતત ઘટી રહ્યા છે અને સક્રિય કેસોની સંખ્યા ૨૦૦૦ની આસપાસ જ છે. જેથી રાજ્યમાં સામાન્ય સ્થિતિ ઝડપથી સ્થપાઈ રહી છે, જેથી શૈક્ષણિક કાર્યમાં વધારો કરવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં સરકારે ધોરણ ૧૦, ૧૨, કોલેજ અને છેલ્લે ધોરણ ૯-૧૧ના વિદ્યાર્થીઓ માટે શાળા શરૂ કરવાની મંજૂરી આપી છે, પણ સરકારે હવે અન્ય પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓ માટે પણ અભ્યાસ શરૂ કરી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂરી થયા બાદ સરકાર હવે ધોરણ ૧-૪ અને ૫-૮ના અભ્યાસ અને પરીક્ષા લેવા માટે વિચારણા કરી રહી છે. સ્થાનિક ચૂંટણી પછી ધોરણ ૧-૪ના વિદ્યાર્થીઓની એકમ કસોટી લઈ તેના આધારે પરિણામ જાહેર કરવાની વિચારણા ચાલી રહી છે. આ ઉપરાંત આગામી શૈક્ષણિક સત્ર પણ વહેલુ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે ઉનાળુ વેકેશન પણ વિદ્યાર્થીઓને લાંબું આપવામાં આવશે નહીં. જોકે આ અંગે હજુ કોઈ નિર્ણય લેવામાં નથી આવ્યો. જોકે સત્તાવાર જાહેરાત માટે હવે ચૂંટણી સુધી રાહ જોવી પડશે.

સ્કૂલો શરૂ થતાં સ્કૂલોએ કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંચાલકોએ વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર માપીને પ્રવેશ આપવાનો રહેશે.

# પાર્કિંગ, પાણી અને પર્યાવરણ સાથે જનસુવિધાનું આપનું વચન

### આમ આદમી પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો

(જી.એન.એસ)રાજકોટ,તા.૧૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં છે. ત્યારે રાજકોટ મનપામાં આ વખતે આમ આદમી પાર્ટીએ પણ ઝંપલાવ્યું છે. આમ આદમી પાર્ટી દ્વારા આજે ચૂંટણીને લઈને મેનિફેસ્ટો જાહેર કર્યો છે. જેમાં ગુજરાતમાં દિલ્હી મોડેલ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. મેનિફેસ્ટોમાં સરકારી સ્કૂલોનું નવીનીકરણ, મહોલ્લા ક્લિનિક, વેરામાં ૫૦ ટકાની રાહત સહિત અલગ અલગ ૯ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિક્ષણ, આરોગ્ય, વેરો, પર્યાવરણ, પાર્કિંગ પરિવહન, જન સુવિધાઓ સહિત ૯ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ રાજકોટમાં ટ્રાફિકની સમસ્યાને પણ હલ કરવાનો મેનિફેસ્ટોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટીએ ગેરન્ટી કાર્ડ સાથે મેનિફેસ્ટો જાહેર કર્યો છે. ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી અજીત લોખીલે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને લોકોનું વિઝન છે તેનું ગેરેન્ટીના કાર્ડ સ્વરૂપે મીડિયાના માધ્યમથી જાહેર કર્યુ છે. પ્રબુદ્ધ નાગરિકો પાસેથી સલાહ-સૂચનો મેળવીને અમે વાસ્તવિક મુદ્દાઓનો સમાવેશ કર્યો છે. અમે કોઈ મોટા વાયદાઓ કર્યા નથી.

અજીત લોખીલે વધુમાં જણાવ્યું હતું કે, દિલ્હીના કામને જોઈને અમે મુદ્દાઓ જાહેર કર્યા છે. દિલ્હીમાં પાંચ વર્ષના શાસનમાં જે કરી બતાવ્યું તો બીજી તરફ કોર્પોરેશન અહીં ૧૫ વર્ષથી ભાજપ શાસિત છે. ૨૫ વર્ષથી રાજ્યમાં ભાજપની સરકાર છે. તો અહીંયા કેમ ન થઈ શકે. દિલ્હીમાં જે કરીને બતાવ્યું છે તે જ અમે મેનિફેસ્ટોમાં આપ્યું છે.









# પ્રિયંકા ગાંધીએ હરિદ્વારનાં કુંભમેળામાં સ્નાન કર્યું

### મૌની અમાસના સ્નાન કાર્યક્રમમાં લાખો ભાવિકો સાથે પ્રિયંકાએ પણ ડૂબકી લગાવી

ચક્રવાત ટીમ નવી દિલ્હી, તા.૧૧

હરિદ્વાર (પ્રયાગરાજ) ખાતે ચાલતાં કુંભમેળાનાં આજે બીજા મોટા સ્નાન કાર્યક્રમમાં કોંગ્રેસનાં મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પવિત્ર ગંગા નદીમાં મૌની અમાસ નિમિત્તે યોજાયેલ સ્નાન કાર્યક્રમમં ડૂબકી લગાવી સ્નાન કર્યું હતું. હરિદ્વાર (પ્રયાગરાજ) ખાતે આશરે એક માસ પહેલા શરૂ થયેલ કુંભમેળાના બીજા પવિત્ર સ્નાન કાર્યક્રમમાં આજે દેશભરમાંથી લાખો શ્રધ્ધાળુઓએ અહીં કુંભસ્નાન કરી ધન્યતા અનુભવી હતી.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)